# અધ્યાત્મ


**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ–avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૧


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાના ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website ‘swargarohan.org’**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| જપનો મહિમા | સદ્ગુરુ ભગવાન | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| સવારનું સત્કર્મ–યજ્ઞોપવિત | નારાયણ જાની, જ્યોત્સ્નાબેન | ૧૧ |
| જ્યોતિષની દૃષ્ટિએ જપનું ફળ | સંકલન ભગવાન | ૨૧ |
| તરણા ઓથે ડુંગર! | ગુણવંત શાહ | ૨૩ |
| મહર્ષિ રમણના સાન્નિધ્યમાં | અનુ. યોગેશ્વરજી, મૂ.લે. પોલબ્રન્ટન | ૨૭ |
| શ્રીમદ્ભગવદ્ગીતાનો મહિમા | સ્વામી રામસુખદાસ | ૩૧ |
| કરુણાનો ઉદ્યોગ અને જ્ઞાનનો ઉદ્યમ | ભદ્રાયુ વછરાજાની | ૩૬ |
| ચમત્કારી ઈલાજ ‘પાણી–પ્રયોગ | સંદેશના સૌજન્યથી | ૪૧ |
| શૈક્ષણિક સિદ્ધિ પારિતોષક સમારોહ | સેવક ટ્રસ્ટી | ૪૭ |
| તુલાધાર વૈશ્ય | મકરંદ દવે | ૪૮ |
| પૂ.માની ઈટાલી યાત્રા | મા સર્વેશ્વરી | ૫૩ |
| સંસ્કારસ્રોત–જનેતા | શશીકાન્ત પ્ર. દવે | ૫૮ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# જપનો મહિમા

—સદ્‌ગુરુ ભગવાન

**''જ'' કારે જન્મનો નાશ ''પ'' કારે પાપનો ક્ષય ।**
**શ્રી હરિ ગુરુને વંદી, જપવાનું કરો શરૂ ॥**

★

''જ'' અક્ષર જન્મ પુનર્જન્મના બંધનને તોડનાર છે. જાકારો આપનાર છે. 'પ' પાપનો નાશ કરનાર છે. પાપનું પતન કરનાર ખેરવી નાખનાર છે. તેથી જન્મ અને પાપની બેડી તોડનાર છે માટે શ્રી હરિૐ મંત્રનો જપ કરો જપ એટલે જગતને ભૂલવું અને ઈશ્વરને સતત યાદ કરવા. જપ એક સુલભ સાધન છે. તે શક્તિદાતા છે, શુદ્ધિકર્તા છે અને અંતરમાં રહેલી દિવ્ય ચેતનાની અનુભૂતિ કરાવનાર છે, જપનું સાધન અજમાવી જોનાર સામાન્ય માણસને પણ જપના લાભ દેખાય છે. તેમને પણ ચેતનાનો વધુ ઓછો અનુભવ થાય છે.

ઊઠતાં, બેસતાં, ચાલતા, હરપળે નામનો જ જપ કરવામાં આવે. નામને ક્યારેય ન ભૂલાય આ જ ભગવત પ્રાપ્તિ માટેનો ઘણો સરળ માર્ગ છે. સંસારના જેટલા ભક્ત થઈ ગયા છે તે બધા એક માત્ર ભજનના પ્રતાપે જ થયા છે. જે કામ ભગવાનના નામમાં અધિક શક્તિ છે. અજાણતાં પણ ભગવાનનું નામ લેવાથી કલ્યાણ થાય છે. ફળ મળે છે. એકાગ્રચિત્તે જપ થાય તો આનંદ મળે છે. વ્યગ્રચિત્તે જપ કરે તેના પાપ બળે છે. સાવધાન થઈ એકાગ્રચિત્તથી જપ કરે તો અતિ ઉત્તમ છે. પણ શાંત મન ન હોય તેમ છતાં પ્રભુના નામનો જપ કરો તો પણ લાભ હી લાભ જ છે.



સામાન્ય જનને આ જપ સાધના ગમી જાય એવી છે. કારણ કે સરળ છે, નિર્દોષ છે, ખર્ચ વગરનું, તેમાં વિધિનિષેધ ખાસ નથી. એમાં કંઈ ભૂલ થઈ તો નુકસાન થઈ બેસે એવો ભય રહેતો નથી. જપમાં લાભ જ છે તે કેમ જતો કરાય.

જો તમે તમારા મનરૂપી ઘોડાને હરિરસનું અમૃત પિવડાવવા ઈચ્છતા હો તો ચાલુ વ્યવહારમાં, ચાલુ ખટપટમાં જ એને પટાવીને બુચકારીને શ્રી હરિૐ રસનું પાન કરાવો.

પ્રભુ નામમાં પ્રીતિ થતી નથી ત્યાં સુધી ભગવાનમાં આસક્તિ થતી નથી. નામ સેવા વિના સ્વરૂપ સેવા ફળતી નથી નામમાં જ્યાં સુધી નિષ્ઠા ન થાય ત્યાં સુધી સ્વરૂપ સેવામાં પ્રીતિ થતી નથી. નામ સેવા સાથે પ્રીતિ ન કરો ત્યાં સુધી પાપની ટેવ છૂટી શકશે નહીં.

નામ સેવાથી મન શુદ્ધ થાય છે. તે પછી સ્વરૂપ સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. સ્વરૂપ સેવા બરોબર થતી નથી તેનું કારણ એ છે કે મન શુદ્ધ નથી. મનની શુદ્ધિ વગર સ્વરૂપ સેવામાં આનંદ મળતો નથી.

મન નિર્વિષય બને તો મુક્તિ અને મન વિષયી બને તો બંધન. મન જે વિષયોમાં આસક્ત થાય તો તે બંધનનું કારણ બને છે અને એ જ મન જો પરમાત્મામાં આસક્ત થઈ જાય તો તે મોક્ષનું કારણ બની જાય છે. મન વિષયોનું ચિંતન કરે તો શત્રુ છે અને પરમાત્માનું ચિંતન કરે તો મિત્ર છે. ભગવાનનું સ્મરણ ચૂક્યા કે કંઈક ખોટું થઈ રહ્યું છે એમ લાગવું જોઈએ. આજે કંટાળાજનક લાગતું નામસ્મરણ બળજબરીથી કરીએ તો મજાના લાગતા વિષયો જશે. તો મનના સ્વભાવનો સદુપયોગ કરો, તે નવરુ બેસી શકતું નથી તેને અખંડ નામ સ્મરણમાં લગાવી

રાખો. મનને પ્રભુનામમાં તરબોળ કરી દો, મન મરી જશે જીવન તરી જશે.

યંત્રના સંગથી પાણી ઉપર ચઢે છે તેમજ મંત્રના સંગથી મન ઉંચે ચડે છે. મનને મંત્રનો સંગ આપો. મનને મંત્રનો સંગ થાય તો અધોગામી મન ઉર્ધ્વગામી બનશે. મંત્રના સંગથી મન પરમાત્માના ચરણ સુધી પહોંચે છે. મનને કોઇ મંત્રમાં રાખો કોઇ મંત્ર સાથે પ્રીતિ કરો. જેણે પોતાનું મન સુધાર્યું તે બીજાને સુધારી શકે છે. મન સુધારવાનું બીજું સાધન નથી. મનને ઊલટું કરવાથી થશે નમ. નમ અને નામ મનને સુધારશે. પરમાત્માના વિચારોમાં મનને એટલું વ્યસ્ત રાખો કે તેને જગતના વિચારો માટે સમય જ ન મળે. મનને સ્થિર કરવા નામ–જપની આવશ્યકતા છે. જપ કરવાથી બગડેલું મન સુધરશે. મન લૌકિક વાસનાથી બગડેલું મન અલૌકિક વાસના જાગશે તો સુધરશે. કોઇ વ્યક્તિને મળવાની વાસના મનને બગાડે છે, પરમાત્માને મળવાની વાસના મનને સુધારે છે. પ્રભુને મળવાની ઇચ્છા એ જ ભક્તિ છે. તો જપ દ્વારા મનથી પ્રભુને મળવું.

મનને હંમેશા શુભ ચિંતન જપની ટેવ પાડવી જરૂરી છે. આમ કરવાથી મન શુદ્ધ અને બળવાન બનશે. મન સંકલ્પ વિકલ્પ રહિત થવાથી શુદ્ધ બને છે અને પછી ચિત્ત શુદ્ધિ થતાં પરમાત્મા આપોઆપ પ્રગટ થાય છે.

મન જ્યારે આત્મતત્ત્વ સાથે તાદાત્મ્ય સાધે છે ત્યારે મનને આત્મતત્ત્વની શક્તિ પ્રાપ્ત થાય છે અને મન જાગૃત દૃઢ અને એકાગ્ર બને છે.

(ક્રમશઃ)




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૬ જાન્યુઆરી–૨૦૧૪ અંક ૪**


## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળઃ–બદરીનાથ થી કર્ણપ્રયાગ, જેઠ સુદ અગીયારસ, તા.૦૨/૦૬/૮૨ બુધવાર**

નર ને નારાયણ બરફના પર્વતો વચ્ચે મંદિર, અલકનંદા નદી, નદી ઉપર કાલી કમલીની ધર્મશાળા ને તે ઉપર કુટિયાઓ દેખાય, ત્યાં સાધુઓ રહે. અન્નક્ષેત્રમાં ભોજન કરે.

અહીં એક અવધૂત સાધુ રહે છે. વળી એક બેન બપોરે ૩ વાગ્યા સુધી વિષ્ણુસહસ્રનો પાઠ નદી કિનારાની શીલા પર બેસીને કરે છે. એક ભગવા વસ્ત્રધારી સાધુપરુષ પાણીમાં ઉભા રહી ત્રણ કલાક દરરોજ જપ કરે છે.

આ સાત્ત્વિક વાતાવરણમાં એક સાધુવેશે બાર વર્ષ. મૌન રાખી જાસુસ પણ રહ્યા હતા. ધર્મની આ ભૂમિમાં આવું પણ જોવા જાણવા મળ્યું.

રામેશ્વર સવારે આવનાર હતા. સૌ ભાઇબેનો ગરમપાણીના

કુંડમાં સ્નાન કરવા ગયાં. સર્વેશ્વરી ને પૂ.શ્રીએ ૨ રૂા. (બે)નો એક એક ડબ્બો (કેરોસીન જેવડો) ગરમ પાણી મંગાવી સ્નાન કરી લીધું.

સ્નાન બાદ પૂ.શ્રીએ વ્યાયામ કર્યો. આજે સ્નાન પહેલાં પૂ.શ્રીએ લેખન કરી લીધું.

નવ વાગ્યે મંદિરના દર્શને સૌ ગયાં. પૂ.શ્રીને માર્ગમાં દેવપ્રયાગના ઘણાં પરિચિત મળે છે, જેમણે પૂ.શ્રીને દેવપ્રયાગની કુટિયામાં નાનપણમાં જોયા હતા.

મંદિરમાં દર્શન કરતાં પહેલાં નદી કિનારે થોડું બેઠા. પૂ.શ્રીએ મૃત્યુ પછી આત્માની શી ગતિ થાય તેના ઉપર થોડી વાતો કરી. એક જીવાત્માની વાત પૂ.શ્રીએ કરતાં કહ્યું : તે અહીં જ મારી સાથે છે તેણે કહ્યું કે તમે ગમે તેટલા સંકલ્પ અહીં કરાવો પણ હું તો હમણાં આ યોનિમાંથી છૂટવા માગતો નથી.

પૂ.શ્રીની વાતો અલૌકિક હોય છે. તેમની પાસે આગવી શક્તિ છે, જેનાથી ગમે તે આત્મા સાથે ગમે ત્યારે વાતો કરી શકે છે.

વાતો બાદ સૌનો અભિપ્રાય માંગ્યો. ક્યારે બદરીનાથથી પાછા જવું. મોટે ભાગે સૌએ પૂ.શ્રી કહે તેમ જ કરશું. એમ જણાવતાં પૂ.શ્રીએ પોતાનો લેખીત અભિપ્રાય સવારનો જે હતો તે સર્વેશ્વરીને જણાવવાનું કહ્યું.

આજે સવારે લેખન બાદ પૂ.શ્રીએ પરમ શક્તિ પાસેથી ક્યારે જવાનું તે જાણી લીધું હતું. તે લેખિત પણ હતું. દર વખતે પૂ.શ્રી એ પ્રમાણે જ ચાલે છે.



સર્વેશ્વરીને મૌન હતું. જેથી લખીને સૌને જણાવ્યું કે એક વાગ્યા પછી નીકળવાનું છે. સૌને આનંદ થયો.

ઉતારા ઉપર આવી સૌએ અગીયારસનો ફળાહાર લીધો. રામેશ્વર સૌ માટે બટાકા બાફીને લઇ આવ્યા.

રામેશ્વરને પૂ.શ્રીએ ૫૦૧–૦૦ રૂા. મદદરૂપે આપ્યા. તેની લેવાની માંગવાની જરાપણ ઇચ્છા નોતી, છતાં પૂ.શ્રીએ પ્રેમભાવે આપી તે રકમ સ્વીકારી. સૌ ભાઇબેનોએ પણ પોતાની રીતે કંઇક ને કંઇક તે સુપાત્ર રામેશ્વરને આપ્યું.

ગીતાભવનમાંથી વિદાય થવા ૧ વાગ્યે ગાડીઓ હરોળમાં ઉભી રહી ત્યાં પોલીસ નોંધ કરે. બે વાગ્યે જોશીમઠ જવા માટેની રજા મળી, જેથી ચાર વાગ્યે તો ગાડીઓ જોશીમઠ ઝડપથી આવી ગઇ.

જોશીમઠ આવતાં પહેલાં નીચેના ગામ આવ્યા. બદરીનાથ, હનુમાનચલ, પાંડુકેશ્વર, મારવાડી, જોશીમઠ, જોશીમઠથી હેલંગ, પીપલકોટી આવી ગયાં. પીપલકોટીમાં જગ્યા ન મળી. આગળ ચાલ્યાં. ચમૌલી ત્યાં પણ ઉત્તમ ઉતારો ન મળ્યો. નંદપ્રયાગ પણ તપાસ કરી જગ્યા યોગ્ય ન મળી.

છેવટે કર્ણપ્રયાગ રાતે ૯–૩૦ આવી પહોંચ્યાં. દરેક સ્થાનોમાં તપાસ કરી જગ્યા જ ન મળે છેવટે એક નવો જ પ્રયોગ કર્યો.

કોઇ સ્થાનમાં જગ્યા ન મળી. પરિણામે કર્ણપ્રયાગથી બહાર ખુલ્લામાં રોડ ઉપર જ બે રૂા. નો એક એક ખાટલો લઇ સૂઇ જવાનું બન્યું. પહાડની મોટી શીલા ને બીજી બાજુ અલકનંદાનું ખળખળ કરતું વહેણ.

આખી રાત કુદરતના દિવ્ય વાતાવરણમાં વીતી. સવારે ૩–૩૦ કલાકે મોટરમાં અંદર જઇને આરામ કર્યો.

આજે પ્રથમ રાત્રિ એવી હતી જ્યારે પૂ.શ્રીએ સૌને બહાર કુદરતના ખોળે સુવાની સાધનાત્મક તાલિમ જાણે અજાણ્યે આપી દીધી.

વળી આજે સવારે બદરીનાથમાં દર્શન કરીને બહાર નીકળતાં એક સાધુપુરુષ પૂ.શ્રીને મળ્યા. તેમણે ઠંડી માટે કોઇ સાધનની માંગણી કરી. પૂ.શ્રીએ તેમની આંતરિક અવસ્થા ઉંચી છે એ તેની આંખ ઉપરથી જાણીને એક ગરમ ધાબળો તે ભાઇને પૂ.શ્રીએ અપાવ્યો.

સંતમહાત્માઓ પણ પોતાનાથી બનતું દાન સત્કર્મ કરી શકે છે. એ પૂ.શ્રીના જીવનમાંથી શીખવા મળતો ઉત્તમ આદર્શ છે.

**કર્ણપ્રયાગથી ગૌરીકુંડ ૩/૬/૮૨ ગુરુવાર જેઠ સુદ બારસ**

સવારે કર્ણપ્રયાગથી નીકળીને ગૌચર ને કર્ણપ્રયાગની મધ્યમાં એક ઝરણા ઉપર સૌએ સ્નાન કર્યું. પૂ.શ્રી આ માર્ગ ઉપર જ લેખન કાર્ય માટે બેઠા. ૧ાા કલાકના લેખન બાદ ગાડી આગળ ચાલી. તે દરમ્યાન ધોયેલાં કપડાં પણ સુકાઇ ગયાં.

ગાડી રૂદ્રપ્રયાગ થઇ કેદારનાથના માર્ગે આગળ વધી. અહીંથી ૯૫ કે ૧૦૦ કીલોમીટર દૂર કેદારનાથ છે. માર્ગમાં તીલવાડા–અગત્સ્યમુનિ, ચંદ્રાપૂરી, કુન્ડ, ગુપ્તકાશી નામનાં સ્થળો આવ્યાં.

ગુપ્તકાશીમાં પૂ.શ્રીએ ભોજનમાં દૂધ ને બીસ્કીટ લીધાં. સાથેના સૌએ ભોજન લીધું. ગાડી ત્યાંથી આગળ ચાલી. ફાંટા, સોનપ્રયાગ ને ગૌરીકુંડ ગાડી આવી ત્યારે બપોર થઇ ગયા હતા.



સાથેની બે ભાડૂતી ગાડી અહીં અગાઉથી આવી ગઇ હતી. જેથી ઉતારો મળી ગયો હતો.

કેદારનાથનો પહાડી માર્ગ રળિયામણો છે. લીંબુ, ભાજી, વગેરેની ખેતી થાય છે. બદરીનાથ કરતાં અહીં રસ્તા એકંદરે સારા છે.

ઉપરના બધા જ ગામો પૈકી ગુપ્તકાશીમાં કાંજી ભોજન માટે મળે.

બસ સ્ટેન્ડ, ટેક્ષી સ્ટેન્ડ જે ગણો તે. ત્યાં ઘણી ભીડ હતી. ગાડી જેમ તેમ પાર્ક કરી સામાન ઉતાર્યો. મજૂરીના દર આઠ આના છે. મજૂર પાસે સામાન ઉચકાવી એક નાનકડી સાંકડી ચડઉતરવાળી ગલીમાં પ્રવેશ કર્યો. માળ ઉપરના એક લીપણવાળા ઓરડામાં પૂ.શ્રીનો ઉતારો હતો. જેમાં બે ત્રણ બારી જે નદી તરફ પડતી હતી. રાતદિવસ મંદાકિની નદીનું ખળખળ વહેતું પાણીનો સુમધુર સ્વર સંભળાયા કરે છે.

થોડીવાર બાદ સર્વેશ્વરીએ બીજા સાથીઓ સાથે ભોજન લીધું. પૂ.શ્રીએ કુંડ ને મંદાકિની બતાવી.

ઓરડામાં બીજી કોઇ સગવડ ન હતી. સત્સંગ શરૂ થયો.

અહીંથી ઘોડા ઉપર બેસીને કેદારનાથ જવાનું હોય છે. તેથી ૧૦૦ રૂા. એક ઘોડા માટે નક્કી થયા.

સત્સંગમાં દક્ષિણની યાત્રાની વાતો થઇ. વળી ગુરુબાવની, ધૂન બોલાવી સૌ છૂટા પડ્યા. કેદારનાથ ઉપર જવા માટે એક નાનકડી થેલી તૈયાર કરી આરામ કર્યો.

**(ક્રમશઃ)**

# સવારનું સત્કર્મ તથા સમૂહ યજ્ઞોપવિત

નારાયણ હ. જાની, જ્યોત્સ્નાબહેન

## કકડતી ઠંડીમાં પ્રભાતે લાકડાના ભારા વેચવા આવતા બેનો અને બાળકોને સહાય

અંબાજી તીર્થ તેમજ આસપાસનાં આદિવાસી ગામોમાં ભાગ્યેજ કોઇ એવું હશે જે મા સર્વેશ્વરી તેમજ સ્વર્ગારોહણને ના જાણતું હોય. કારણ અહીં જે નાનાં–મોટા સતત સત્કર્મો થતાં રહે છે, તેના લાભાર્થી તેઓ જ છે. પૂ. મા સર્વેશ્વરીએ સ્વર્ગારોહણની સ્થાપના જાણે આ અભાવગ્રસ્ત ભાઇઓ, બેનો ને બાળકોના અંતરના આર્ત પોકારોના પરિણામે ના કરી હોય એમ લાગે છે. પ્રભુએ જાણે પૂ. ગુરુદેવ યોગેશ્વરજી અને મા સર્વેશ્વરીને તે માટે નિમિત્ત બનાવ્યાં છે. તેના પરિણામે પૂ. માના વિદેશમાં વસતા તથા ભારતમાંના અન્ય ભાઇબેનોની લક્ષ્મી આ વિસ્તારનાં ગરીબ લોકોનાં બાળકોને ભણવામાં પણ ખૂબ સહાયરૂપ બની છે.

તા.૧૨ ડીસે.૨૦૧૩ના રોજ સ્વર્ગારોહણમાં ૬ બ્રાહ્મણ બાળકોનો સમૂહ યજ્ઞોપવિતનો કાર્યક્રમ પ્રયોજવામાં આવેલ છે તેમાં વિદેશમાં વસતા શ્રી દેવાંગભાઇ અને અર્પિતાબેનના બાળક મોક્ષનો પણ યજ્ઞોપવિત સંસ્કાર થઇ રહ્યો છે. તે નિમિત્તે તેઓ તરફથી સરસ મોટું સત્કર્મ થયું. તેમાં ૧૦૬ જેટલી બેનોને ઓઢણાં, થાળી, ટુવાલ ઉપરાંત પ્રસાદમાં બુંદી ને ચવાણું તથા રૂા.૧૦/– આપવામાં આવ્યા.

આ ઉપરાંત ૧૩૦ બાળકોને ટુવાલ, ડીશ સાથે બુંદી–ચવાણાનો પ્રસાદ ને રૂા. ૧૦/– મળ્યા.



આ બધાં જ સવારે માથે લાકડાના ભારા લઇ કકડતી ઠંડીમાં દૂરદૂરથી પગે ચાલી આવે છે. એ વેચીને તેઓ પોતાનું અને પરિવારનું ભરણપોષણ કરે છે.

આ રીતે જ એમનો જીવન નિર્વાહ ચાલે છે. તેમાં થોડીપણ આવી મદદ તેમને ઘણી રાહતરૂપ નીવડે છે.

આ સિવાયનાં પણ ૧૫૭ બાળકો ઉપર પ્રમાણેનો પ્રસાદ પામી ખુશી અનુભવે છે. સ્વર્ગારોહણના દરવાજે આ ગરીબોના સમુદાયનો મેળો જોવા જેવો બની રહે છે. સૌના મુખ ઉપર કંઇ પ્રાપ્ત થયાનો આનંદ વરતાય છે.

પૌત્ર મોક્ષની યજ્ઞોપવિત નિમિત્તે તેના દાદા–દાદી પણ અહીં પધાર્યા છે. તો શ્રી અર્પિતાબેનના બા અને બાપુજી પણ આવ્યાં છે. આ સૌ પણ શ્રી દેવાંગભાઇએ જે સત્કર્મ આજે કર્યુ તેમાં સહભાગી બન્યા છે તો અર્પિતાબેનના બેન–બનેવી તેમજ ઘણા બધા સગાસંબંધીઓ આ સમૂહ જનોઇના પ્રસંગમાં ભાગ લેવા આવ્યા છે. તેઓ પણ સત્કર્મના સાક્ષી બની આ પ્રત્યક્ષ પુણ્યના અવસરને નિહાળી આનંદ અનુભવી રહ્યાં છે.

પૂ. માની પ્રેરણા કેવું અદ્‌ભુત કામ કરે છે તેનું પ્રત્યક્ષ દર્શન અહીં પધારેલ લોકોને થઇ રહ્યું છે. પોતાની લક્ષ્મીનું પોતાના હાથે જ સત્કર્મફળ દાતાને અહીં પ્રાપ્ત થાય છે, એથી જ પૂ. મા લક્ષ્મી દેનાર ભાઇબેનોને પ્રત્યક્ષ ઉપસ્થિત રહેવા ખાસ આગ્રહ રાખે છે.

## સ્વર્ગારોહણને આંગણે સમૂહ યજ્ઞોપવિત સમારોહ

સ્વર્ગારોહણ અંબાજી ખાતે તા.૧૧–૧૨ ડીસેમ્બરના રોજ

પૂ.મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં સમૂહ યજ્ઞોપવિત સમારોહ યોજાયો.

આ સમારંભ માટે સ્વર્ગારોહણને ખાસ સજાવવામાં આવ્યું. પૂ.માએ જાતે યુવાન સાધક ભાઈબેનોને દોરવણી આપી ધજા પતાકાનાં તોરણો આખા સ્વર્ગારોહણ પરિસરમાં બાંધ્યાં. આ પતાકાઓમાં એકમાં **'ૐ મા'** છાપ્યું છે તો બીજા પર **કુટિયાનું સુંદર પ્રતીક.** આ કામ છ કલાક ચાલ્યું. પૂ. મા મૌન રહી પોતાના જપ કરતાં કરતાં સાથે ઊભાં રહ્યાં. તો બીજા સાધકોએ રંગબેરંગી લાઈટોનાં તોરણોથી સ્વર્ગારોહણનાં આવાસોની દિવાલો, વૃક્ષો, વેલીઓને પણ સજાવી. આ સજાવટનું કામ ખૂબ સરસ રીતે થયું. સ્વર્ગારોહણના દરવાજે સંધ્યાકાળ પછી અમે ઊભા ઊભા શોભા જોઈ રહ્યા હતા. તો પાસેથી પસાર થનાર ભાઈએ અમને પૂછ્યું, ''આવી સરસ સજાવટ કયા કોન્ટ્રેક્ટરે કરી છે? અહીં શા માટે સજાવટ થઈ રહી છે?''

અમે કહ્યું, અહીં બે દિવસ સમૂહ યજ્ઞોવિત સમારંભ છે. આ કોઈ કોન્ટ્રેક્ટરે નહીં, પરંતુ પૂ. માએ અને સાધકોએ સાથે મળી કર્યું છે.

સાચેજ, અજાણ્યા માણસોને લાગે કે કોઈ અતિ શ્રીમંત માણસને ત્યાં શુભ માંગલિક પ્રસંગે થતા સુશોભન જેવું જ આ લાગતું હતું.

આ સદ્‌ભાગી બટુકો શ્રી યોગેશ્વર પરિવારના ભક્તોના છે. તેમનાં નામ અને માતાપિતાનાં નામ આ પ્રમાણે છેઃ—

૧. મોક્ષ—અમેરિકા, માતા પિતા અર્પિતાબેન અને દેવાંગભાઈ દેસાઈ.



૨. રથી—માતા પિતા તેજલ અને સ્નેહલ પુરોહિત.

૩—પતંજલિ—હેમીના અને હિમાંશુ પાઠક.

૪—અમન—મનીષા—અને આશીષ જોષી.

૫—મંદાર—રેણુકા અને હેમાંગ યાજ્ઞિક.

૬—જતન—અનુજા અને હેનલ જોષી.

આ ઉપરાંત નિકુંજ મહેતાના ચિ.નિત્યનો ચૌલ સંસ્કાર બાબરી ઉતરાવવાનો પણ થયો.

પૂ.માએ આ પ્રસંગે આ બાળદેવતાઓને સત્કારતાં લખ્યું, તમારી પુનિત પગલીથી આ ધરતીને ધન્ય કરો. હે મધુરતાના સ્વામી! ગુરુદેવ સૌને મધુર મધુર કરી દો.

અને આ બાળદેવતાઓએ પૂ.મા માટે જે પ્રતિભાવો વ્યક્ત કર્યા તે પણ કેવા અનોખા! સફેદ આર્ટ ડ્રોઇંગ પેપર ઉપર ચિ. મોક્ષે અંગ્રેજીમાં લખ્યું.

Why is Maa My God? She is my real Mother. She loves me the most. I too love her the most. She cares for me the most. Only Maa is Real. Every thing else is fiction.

She does not eat. She does not Sleep. She has super power. She works Miracle. She gave me the most important my name as 'Moksh'.

How Maa cares for me!

She came to see me when I was born.

She gives me special prasad.

I feel special because I love Maa.

હવે બીજા ભારતના બટુકોના પ્રતિભાવો કેવા વ્યક્ત થયા છે, તે જોઇએ. પતંજલિએ પોતાના બોર્ડમાં લખ્યું. **''વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો.''**

પૂ.મા મને બહુ ગમે છે કારણ તે મને ખૂબ પ્રસાદ આપે છે. ખૂબ હસે છે ને ખૂબ હસાવે છે. પૂ.મા હસે ત્યારે સુંદર લાગે છે.

સ્વર્ગારોહણ મને ખૂબ વહાલું છે કારણ કે હું અહીં દાન કરવાનું શીખ્યો, શાંત રહેવાનું શીખ્યો, બહુ નહીં બોલવાનું ને ઢીલા પોચા નહીં થવાનું પણ શીખ્યો.

તો વડોદરાના રથીએ સરસ મઝાની કુટિયાનું કાર્ડ બોર્ડનું મોડેલ બનાવ્યું છે ને લખ્યું છે **'અમે નાના નાના બાળ, અમે જઇએ માની પાસ કૃપા પામવાને.'**

હે મા, તમે હંમેશાં મારી પાસે રહેજો, મને ખૂબ ખૂબ વહાલ કરજો, પ્રભુની પૂજાનું ફૂલ બનાવજો, શાળામાં મારી સાથે આવજો, ને હે મા, મને તમને ગમે તેવો બનાવજો. પૂ.મા મારા કામમાં મદદ કરે છે. માએ જ અમને પ્રભુજી શોધી આપ્યા છે.

હવે અમન જોષીનો પ્રતિભાવ જુઓઃ—

પૂ.મા! સ્વર્ગારોહણ મને ખૂબ ગમે છે. પ્રણામ કરવાનું અને દાન આપવાનું પૂ.મા પાસેથી શીખ્યો. પૂ. મા પાસે શંખ વગાડવાનું અને બાળ સત્કર્મ કરવાનું ખૂબ ગમે. ઘરની બહાર જાઉં તો પૂ. માને પ્રણામ કરીને જાઉં છું. પૂ. મા મારી સાથે છે. તે મારું રક્ષણ કરે છે. હે મા, મારાં માતા—પિતા બની મને અંકે લેજો.

તો ચિ. જતન લખે છે, પૂ.મા એ જ મારું નામ પાડ્યું છે એવો ભાગ્યશાળી હું છું.



જતનનું મા જતન કરે છે, વળી હું છું પૂ. મા પ્રભુનો નિયમિત પ્રાર્થના અને પ્રણામનો પ્રસાદ પામનાર. આ રડતા આવેલા બાળને હસાવતો કરી દીધો. હે મા! સ્વર્ગારોહણનું શિક્ષણ મને જીવનભર યાદ રહે, હું સરસ સુગંધવાળું પુષ્પ બનું મને સૂર્ય જેવો તેજસ્વી બનાવજો, જેથી હું જગમંચે સ્વર્ગારોહણનું નામ રોશન કરું.

છેલ્લે બટુક મંદારે પોતાની આપવીતી વર્ણવતાં જણાવ્યું કે હું જન્મતાં જ બિમાર પડ્યો. પૂ. મા—પ્રભુના જપથી જ મારી રક્ષા થઇ. પૂ. માએ જ મને જીવન આપ્યું છે તો હું સ્વર્ગારોહણની સેવા કરી, મા—પ્રભુનું નામ દીપાવું એવી શક્તિ ગુરુદેવ મને આપે તેવી પ્રાર્થના છે.

હું છ વર્ષનો હતો ત્યારે સ્વર્ગારોહણમાં પૂ. માએ મારી સાથે રહી સત્કર્મ કરતાં શીખવાડેલું. પૂ. મા પાસેથી શીખીને હું ને મારાં માતા—પિતા ઘરે પણ આપવાનું સત્કર્મ કરતાં રહીએ છીએ. હે મા! મારી રક્ષા કરજો.

યજ્ઞોપવિતની વિધિના પ્રારંભ પહેલાં બટુકો પૂ. મા સાથે પૂ. શ્રીના સ્વરૂપને સમૂહમાં ધૂન ગાતા લાવીને તેમને માટે ખાસ તૈયાર કરેલ બેઠક પર પધરાવી વંદન કરે છે.

આ આઠથી બાર વર્ષના બટુકોના પ્રતિભાવો આપણે જોયા તો પૂ.માએ આ બટુકોના પૂ. મા સાથેનો મોટો છ ફૂટ X ૩ ફૂટનો ફોટો યજ્ઞોપવિતના દિવસે સ્ટેજ ઉપર અનાવરિત કરીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા. બટુકો જાણે V.I.P. બની ગયા!

## યજ્ઞોપવિતવિધિનો પ્રારંભ

સમારંભનો પ્રારંભ પૂ.મા સ્ટેજ ઉપર પધાર્યા પછી થાય છે. સર્વમંગલ ટ્રસ્ટ તરફથી આ સાતમો યજ્ઞોપવિત સંસ્કાર સમારંભ છે જણાવી શ્રી રાજુભાઇ જાની તેની વિગતો આપે છે.

બટુકો તેમના માતા પિતા સાથે પૂ.માને પ્રણામ કરી વિધિમાં જોડાય છે.

આ પ્રસંગ નિમિત્તે સંસ્કૃતના પ્રાધ્યાપક શ્રી લક્ષ્મેષભાઇ જોષીનો સંદશો વાંચવામાં આવે છે. તેમાં પૂ. માની આ પ્રવૃત્તિને લુપ્ત થતા બ્રાહ્મણ સંસ્કારોને પુનર્જીવિત કરવાનું કાર્ય લખાવી જણાવે છે કે પૂ. માને દર્શને આવતા ભૂદેવોને પૂ. મા પૂછે છે ‘‘જનોઇ પહેરી છે? હા કે ના કહેનાર સૌને પૂ. મા પ્રસાદમાં જનોઇ આપે જ ને જનોઇ પહેરવા જણાવે. બ્રાહ્મણ છો તો જનોઇ પહેરો કહીને સૌને જાગ્રત કરે છે.’’

આ યજ્ઞોપવિત સંસ્કાર દ્વારા પૂ. મા આ બટુકોમાં સાચું બ્રાહ્મણત્વ ઉતારવાનું યુગકાર્ય કરી રહ્યાં છે. આ બટુકોએ કોઇ મોટું શુભકર્મ કર્યું હશે જેને લીધે તેઓ પૂ. મા જેવા સંત દ્વારા યજ્ઞોપવિત ધારણ કરી રહ્યાં છે, ધન્ય છે એ બાળકોને. છેલ્લે ઉમેરે છે કે મા, મને પણ એવું મન થાય છે કે અમો બધા સત્સંગીઓને આપ જનોઇ પહેરાવી દોને? કેવો સરસ ભાવ છે શ્રી જોષી સાહેબનો!

તે પછી પૂ. માની સ્ટેજ ઉપરની બેઠકની સામે જ છ હવનકુંડોની રચના પુરોહિતોએ કરી છે. શ્રી પંડિતજીની આગેવાની નીચે નવપુરોહિતો યજ્ઞોપવિતની વિધિ કરાવવા



લાગી ગયા છે. બટુકોના પિતાઓ પીતાંબર પહેરી પત્નીઓ સાથે પૂજાવિધિ કરવા લાગી ગયા છે. પંડિતજી વેદોક્તવિધિ પ્રમાણે યજ્ઞોપવિત સંસ્કારનું ખૂબ સરળ ભાષામાં મહત્ત્વ સમજાવી રહ્યા છે. યજ્ઞોપવિત ધારણ કરવાથી બાળક દ્વિજ એટલે બીજો જન્મ પામે છે એમ કહેવાય. તે પછી તેને વેદ ભણવામાં અધિકાર પ્રાપ્ત થાય છે.

યજ્ઞોપવિતમાં આવેલ બટુકોના સગાં સંબંધીઓને સ્ટેજ ઉપર બોલાવી પૂ. મા પુરસ્કૃત કરે છે. દરેક ભાઇઓને રેશમી પીતાંબર સાથે જનોઇ ને લક્ષ્મીનો પ્રસાદ ધરે છે. બેનોને પણ પૂ.માનો કૃપા પ્રસાદ પ્રાપ્ત થાય છે, તો શ્રી આશીષભાઇ જોષીના સસરા તરફથી દરેકને ડાકોરનો મગજનો પ્રસાદ પ્રાપ્ત થાય છે.

પૂ. માની આ વ્યવસ્થા અને સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિથી યજ્ઞોપવિત ધારણ કરાવવાની પદ્ધતિથી પ્રભાવિત થયેલ બટુકોના વડીલ સંબંધીઓ અહીં આવવા બદલ ધન્યતા સાથે ખુશી વ્યક્ત કરે છે. કેટલાકોએ કહ્યું અમે પહેલીવાર જ આવું જોયું. આ સાચે જ અનોખું ને અદ્‌ભુત છે.

યજ્ઞોપવિત ધારણ કરી બટુકોએ પૂ. માને વંદન કર્યાં. ને બડવાની વિધિ પતાવી. પછી પૂ. માએ આ બટુકોને જે ભેટો આપી તે જોઇને ઉપસ્થિત સહુ લોકો દંગ રહી ગયા. અભ્યાસ માટેના દફતર સાથે કુલ ૩૨ ચીજો. જેમાં ચાંદીનું ઉલિયુ, પ્રેરણાદાયક પુસ્તકો, નાવાના શ્રેષ્ઠ સાબુઓ, બેડશીટ ટોવેલ, ગરમ શાલ, શેરવાની ને સુંદર સાફો, કેલ્ક્યુલેટર, નેઈલ કટર, ડ્રોઈંગબુક, વગેરે ઉપરાંત રૂા. ૧૫૦૦/—નું કવર. કોઇ માબાપ યજ્ઞોપવિત પ્રસંગે પોતાના બાળકને આટલું બધું થોડું જ દે!

બાળકો આ બધું પામીને ખુશખુશાલ થઇ ગયા. એમના મોઢા પરનો તે વખતનો આનંદ ને આશ્ચર્ય જોવા જેવાં હતાં.

જોનારાઓને થઇ ગયું પૂ. મા શું આટલું બધું આપે! શેરવાની ને સાફો પહેરી પૂ.માએ બોલાવેલ ખાસ રથમાં બેઠેલા આ વી.આઇ.પી. બાળકોનો આનંદ સમાતો ન હતો. વરઘોડામાં સહુ મહેમાનો જોડાયા તો બેનોએ ગરબા લીધા.

પૂ.માએ પૂરા બે મહિનાથી આ યજ્ઞોપવિતની તૈયારીઓ કરવા માંડી, બે કબાટ ભર્યાં હતાં. કોઇ શ્રીમંત પરિવાર પોતાના બાળક માટે ના કરે એટલું પૂ. માએ આ બાળકો પ્રત્યેના પ્રેમને લીધે કર્યું.

યજ્ઞોપવિત વિધિ માટે આવેલ ભૂદેવોને પણ પૂ.માએ લક્ષ્મીનો પ્રસાદ ધરી સંતુષ્ટ કરી દીધા.

સહુથી છેલ્લે આ બટુકોના માતાપિતાઓએ જે પ્રતિભાવ પૂ. મા માટે દર્શાવ્યો તે શબ્દોમાં વ્યક્ત કરવો મુશ્કેલ છે. કોઇપણ પ્રકારના આર્થિક ખર્ચ સિવાય સંસારી પરિવારોમાં આટલી શાંતિ ને સંપૂર્ણ ધાર્મિક વિધિથી કોઇને જનોઇ અપાઇ, તેઓએ કોઇ જોઇ નથી. ઘરે સંબંધીઓનાં મન અને સુવિધાઓ સાચવવામાંથી જ યજમાન પરિવાર ભાગ્યે જ ઊંચો આવે. તો ધાર્મિક વિધિઓ કરતાં પણ મન કેટલી બધી ચિન્તાઓથી ઘેરાયેલું હોય. હે મા, અમારી કોઇપણ લાયકાત વગર, માત્ર પૂ.ગુરુદેવ ને આપની સાથે જોડાયેલા હોવાના નાતે આપે અમારા ઉપર કેટલો મોટો ઉપકાર કર્યો! એ ઋણ અમારાં આ બાળકો મોટા થઇ સ્વર્ગારોહણની સેવા કરી વાળે એવી શક્તિ ને સન્મતિ એમને ધરજો એજ પ્રાર્થના.



બે દિવસના આ માંગલિક પ્રસંગનો ભોજન ખર્ચ જેમણે ઉપાડ્યો તેઓ છે શ્રી ગીતાબેન લાડ, શ્રી દમયંતીબેન અને પુષ્પાબેન. ભોજનની સરસ વ્યવસ્થાથી પ્રસન્ન થઇ સહુ મહેમાનોએ વિદાય લીધી. કહેતા ગયા જીંદગીમાં કાયમ યાદ રહી જાય એવી આ ઘટના અમે કદી નહીં ભૂલીએ. પૂ. મા જેવું વિશાળ હૃદય અને પવિત્ર પ્રેમાળ વ્યક્તિત્વ સાચે જ અમે ક્યાંય જોયું નથી.

તો પૂ. માએ આ અવસર સરસ રીતે ઉજવાયો તેનું શ્રેય પૂ. શ્રી ગુરુદેવને ધરી સમૂહમાં ૧૧ પ્રણામનો અર્ઘ્ય તેઓના શ્રી ચરણે ધર્યો. એમાં હે મા! આપની અહંશૂન્યતાના જ દર્શન સૌને થયાં. હે મા–પ્રભુ! આપનો જય હો, જય હો, જય હો.


**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# જ્યોતિષની દૃષ્ટિએ જપનું ફળ

—સંકલન ભગવાન

નામ જીવનના પરમ લક્ષ્ય ઈશ્વર સાક્ષાત્કાર તરફ લઈ જાય છે. નામ અંધ જીવને દિવ્યદૃષ્ટિ આપે છે. નામની શક્તિ અજેય છે જે નામનું શરણુ લે છે તે આશ્ચર્ય સર્જી શકે છે. તે પ્રકૃતિની સર્વશક્તિ પોતાને તાબે કરી લે છે.

નામ—સ્મરણ કરતાં કરતાં સાધક કાલાંતરમાં સર્વ સ્થળે ભગવાનનાં દર્શન કરે છે. સર્વત્ર ભગવાન બિરાજમાન છે એમ સમજે છે અને ભૂતમાત્રમાં ભગવાનની ચેતના રહેલી છે, તેવો અનુભવ કરે છે, પરમાત્માના નામમાં કેટલી પ્રબળ શક્તિ છે. જ્યારે કોઈ ભગવાનનું નામ લે છે કે ભગવાનનું નામ કાનથી સાંભળે છે ત્યારે અજાણતાં પણ તે ભૌતિક ચેતનાથી કેટલો ઉપર જઈ શકે છે. તે દેહાધ્યાસથી મુક્ત બની ભગવાન સાથે રમવા માંડે છે. નામ સ્મરણ પરમાત્મા પ્રાપ્ત કરવા તેનું દર્શન કરવા માટેનું અમોઘ પણ સરળ સાધન છે માટે જપ જપો.

### જ્યોતિષ દૃષ્ટિએ જપનું ફળ

(૧) એક કરોડ જપ કરવાથી તન સુધરે એટલે કે આરોગ્યની પ્રાપ્તિ થાય છે. શરીર સ્થાન સુધરે છે.

(૨) બે કરોડ જપ કરવાથી દ્રવ્ય સુખ મળે ધનની પ્રાપ્તિ થાય છે. (કુટુંબ સ્થાન શુદ્ધ થાય છે.)

(૩) ત્રણ કરોડ જપ કરવાથી પરાક્રમ સિદ્ધ થાય છે. યશ કીર્તિ મળે છે. (વેરભાવ મટે છે સૌ મિત્ર બની જાય છે.)

(૪) ચાર કરોડ જપ કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે.



(૫) પાંચ કરોડ જપ કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, ભગવત તત્ત્વની ઝલક આવે છે. (પુત્ર—પરિવાર સુધરે છે સૌ અનુકૂળ થઈ જાય છે.)

(૬) છ કરોડ જપ કરવાથી અંદરના શત્રુઓનો વિનાશ થાય છે (રોગ અને બહાર શત્રુઓનો નાશ થાય છે.)

(૭) સાત કરોડ જપ કરવાથી સ્ત્રીને સૌભાગ્યનું સુખ મળે છે. (સ્ત્રીને પતિ અને પુરુષને પત્નીનું સુખ મળે છે.)

(૮) આઠ કરોડ જપ કરવાથી મરણ સુધરે છે. અપમૃત્યુ ટળે છે (મૃત્યુ સ્થાન સુધરે છે.)

(૯) નવ કરોડ જપ કરવાથી ઈષ્ટદેવની ઝાંખી થાય છે અપરોક્ષનુભુતિ થાય છે. જે ઈષ્ટનો જપ કરો છો તે ઈષ્ટનો સગુણ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. (ધર્મસ્થાન સુધરે છે.)

(૧૦) દસ, અગિયાર, બાર કરોડ જપ કરવાથી સંચિત પ્રારબ્ધ અને ક્રિયામાણ કર્મ બળે છે. (બાર કરોડ જપથી જન્મકુંડળીના જન્માક્ષર સુધરે છે.)

(૧૧) તેર કરોડ જપ પૂરા થવાથી ભગવાનનો સાક્ષાત્કાર (દર્શન) થાય છે.

માટે જપ સહુથી શ્રેષ્ઠ સાધન છે, આ સાધનામાં સાતત્ય અને પ્રેમ હોવા જોઈએ. હંમેશા નામ—સ્મરણ ઉપર આપણે મહેલ ચણવા કારણ આ સમયમાં આપણા ઉદ્ધાર માટે જપ સિવાય કોઈ ઉપાય નથી.

તપ નહીં પણ જપ કરો, તે તરત જ કૃપા કરવાવાળો છે, સર્વથી શ્રેષ્ઠ, સરળ, સુગમ, સુરક્ષિત, પૂર્ણ શાશ્વત આનંદ આપવાવાળો, સરળ સહજ રાજમાર્ગ છે. તે માર્ગે ચાલીને જુઓ સુખનો સચોટ ઉપાય છે. અનુભવ કરી જુઓ.

# તરણા ઓથે ડુંગર!

ગુણવંત શાહ

કેળું ગળ્યું લાગે છે. કારેલું કડવું લાગે છે. લીંબુ ખાટું લાગે છે. મરચું તીખું લાગે છે. આ બધા સ્વાદ આવ્યા ક્યાંથી? ધરતીમાં બધા સ્વાદ પડેલા છે, તોય શોધનારને ધરતીમાં રહેલા સ્વાદ જડતા નથી. જે કશુંક ધરતીમાં છે તેનો ક્યાંય પત્તો નથી, તોય એ ધરતીમાં છે એ નક્કી! જીવનમાં સ્થૂળ સર્વત્ર સામે આવે, પરંતુ એ સ્થૂળની ઓથે રહેલું સૂક્ષ્મ આંખે ના ચડે. સ્થૂળની સાબિતી મળી શકે પણ સૂક્ષ્મ તો પ્રતીતિ દ્વારા પામવું પડે. જે પ્રત્યક્ષ નથી, તે 'નથી' એવું ન કહી શકાય.

નિશાળમાં ધીરા ભગતનું ભજન ભણાવવામાં આવતું તે બરાબર યાદ છે :

તરણા ઓથે ડુંગર, ડુંગર રે કોઇ દેખે નહીં;
અજાજૂથ માંહે રે, સમરથ ગાજે સહીં,
તલની ઓથે જેમ તેલ રહ્યું છે, કાષ્ઠમાં હુતાશન;
દધિ ઓથ ઘૃત રે, વસ્તુ એમ છૂપી રહી.

વર્ગમાં આ ભજન ભણતી વખતે કશુંય સમજાયું ન હતું. મનમાં પ્રશ્ન થતો : તરણા ઓથે મોટોમસ ડુંગર હોય, તે ન દેખાય એમ શી રીતે બને? અમને એ કાવ્ય ભણાવનાર શિક્ષકને પણ પંક્તિઓમાં સમજ પડી હશે ખરી? વર્ષો પછી મહર્ષિ ચરકનું સૂત્ર કાને પડ્યું ત્યારે ચિત્તમાં ઝબકારો થયેલો. प्रत्यक्षं हि अल्पं अनल्पं अप्रत्यक्षम्। કહે છે : જે નરી આંખે દેખાય તે તો વામન છે, પરંતુ જે નજરે નથી પડતું તે તો વિરાટ



છે. સ્થૂળ તણખલું જરા અમથું, પરંતુ એની ઓથે રહેલો ડુંગર વિરાટ (અનલ્પ) છે. જે દેખી શકાય, સાંભળી શકાય, સ્પર્શી શકાય અને સૂંઘી શકાય એવું સ્થૂળ જગત એક વિરાટ સૂક્ષ્મબ્રહ્મને ઝટ નજરે ચડવા દેતું નથી. ક્યારેક સ્થૂળની સીમ વટાવીને નિ:સીમના પ્રદેશમાં ડગ માંડવાનું બને, ત્યારે સૂક્ષ્માનુભૂતિની ઝલક પ્રાપ્ત થાય એમ બને. સાબિતી, પ્રતીતિ અને અનુભૂતિનું અખિલ વિશ્વ ભલે આપણી સમજણમાં ન સમાય, પરંતુ એ વિશ્વના વિચારે ચડી જવાનું બને તેનો આનંદ પણ ઓછો નથી હોતો. સ્થૂળની લીલા તો સતત આસપાસ ગરબે ઘૂમતી રહે છે, પરંતુ એને વળોટી જઇને ક્યારેક સૂક્ષ્મની ગહનતામાં ડૂબકી મારવાનું બને તોય બેડો પાર!

વિલિયમ બ્લેકની વાત વિચારણીય છે. કહે છે :

જો આપણી જોવાની દૃષ્ટિનાં
બારીબારણાં સાફ કરવામાં આવે,
તો આપણે દુનિયા જેવી અનંત છે, તેવી ને
તેવી જોવા પામીશું.

કેળું સ્થૂળ છે, પરંતુ એના દ્વારા પ્રાપ્ત થતું પોટાસિયમ અદૃશ્ય, અશ્રાવ્ય, અગ્રાહ્ય, અસ્પૃશ્ય, અનિર્દેશ્ય અને અનિર્વચનીય છે. સ્થૂળ જગતમાં પ્રવાસ ભલે થયા કરે, પરંતુ સૂક્ષ્મબ્રહ્મની યાત્રાનો સ્વાદ જ અનેરો! નરસૈંયો એ સ્વાદ જરૂર પામ્યો હશે, નહીં તો એને આવી પંક્તિઓ ઊગે ખરી?

**એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુકજોગી રે;**
**કંઇએક જાણે વ્રજની રે ગોપી, ભણે નરસૈંયો ભોગી રે.**

અધ્યાત્મ જેવી સ્વાદિષ્ટ બાબત બીજી હોઇ ન શકે. જે શુષ્ક

હોય, નીરસ હોય, મસ્તીરહિત હોય અને આનંદવિહીન હોય તે બીજું બધું હોઇ શકે, અધ્યાત્મ ન હોઇ શકે. વિનોબાજીએ પદયાત્રા સંકેલી લીધી પછી પવનારમાં સૂક્ષ્મપ્રવેશ કર્યો હતો. એમના પરમ આનંદની તો કલ્પના જ કરવી રહી!

મુંડકોપનિષદ (મુંડક–૨, ખંડ–૨, મંત્ર–૭)માં ઋષિએ આત્મા માટે મધુર શબ્દ પ્રયોજ્યો છે : प्राणशरीरनेता. એ નેતા સ્થૂળ અન્નમય શરીરમાં હૃદયકમળમાં આશ્રય લઇને વસેલો છે. એ નેતા કેવો? ઋષિ કહે છે કે એ નેતા આનંદસ્વરૂપ અને અમૃતસ્વરૂપ (आनंदरूपममृतं) છે. સંસારના સ્વસ્થ અને શાંત મનુષ્યો (धीराः) એ નેતાને विज्ञान દ્વારા બરાબર ભાળી લે છે. સૂક્ષ્માનુભૂતિની ચરમસીમા પર આત્માનુભૂતિ હોવી જોઇએ. આપણો પનો ભલે ટૂંકો પડે, પરંતુ આપણી દિશા તો એ તરફની જરૂર હોઇ શકે. સ્થૂળ થકવે છે, પરંતુ સૂક્ષ્મ તો આનંદવર્ષી છે. શંકરાચાર્યનાં ભાષ્યો પર ટીકા લખનાર વિદ્વાનનું નામ હતું : આનંદગિરિ. આનંદનો સંબંધ છબછબિયાં સાથે નહીં, ડૂબકી સાથે છે. સૂક્ષ્માનંદ વિના બ્રહ્માનંદ શક્ય નથી જણાતો. આપણી પહોંચ કેટલી? આપણી મથામણ જેટલી!

ત્રણ માણસો કેરી ખાવા બેઠા છે. એક માણસ કેરી ખાય છે. બીજો કેરી ખાવાથી કેટલી કેલરી પેટમાં ગઇ તેનો વિચાર કરે છે. ત્રીજો માણસ કેરી ખાવાથી વિટામિન–એ મળશે તેનો વિચાર કરે છે. સ્થૂળ તરફથી સૂક્ષ્મ તરફની આ યાત્રા અહીં શા માટે અટકે? શરીરને પોષણ આપનારું વિટામીન–એ કઇ રીતે આપણા રક્તમાં ભળે અને રક્તમાં ભળ્યા પછી કઇ રીતે આપણી આંખને, ત્વચાને, શ્રવણેન્દ્રિયને અને સ્પર્શેન્દ્રિયને કાર્યાન્વિત કરે તે વિજ્ઞાનીઓને પણ સમજાતું નથી. ગીતા જેને



'શરીરયાત્રા' કહે છે, તેની જવાબદારી વહન કરનારા અને રાતદિવસ પોતપોતાનું કામ કરનારા અબજો કોશ (cell) કઇ રીતે આપણા આયુષ્યનું નિર્માણ કરે છે તે પણ કોઇને સમજાતું નથી. અરે! ફૂલ કઇ પ્રક્રિયાને કારણે ખીલે છે, તે પણ હજી સમજાયું નથી. જે ઝટ ન સમજાય, તે જ ખરેખર સમજવા યોગ્ય હોવું જોઇએ. સૂક્ષ્મના કોઇ ચરમ બિંદુ પર આત્માનો નિવાસ હોવો જોઇએ. આમ આપણી સૂક્ષ્મતમ ચેતનાનું આધારબિંદુ આત્મા છે. ચક્રવર્તી રાજગોપાલાચારીએ કહેલું : 'શિક્ષણ એટલે ચેતનાની ખેતી.' નાની નાની સૂક્ષ્માનુભૂતિઓ થકી જીવનભર ચેતનાની ખેતી કરવાનો અધિકાર સંસારીઓને પણ છે. સંસાર તો જીવનની પ્રયોગશાળા છે. પ્રયોગ એટલે 'પ્રશિષ્ટ યોગ'. પ્રયોગશાળા હોય ત્યાં અવલોકન, પૃથક્કરણ અને તારણ હોય. પ્રયોગશાળા હોય ત્યાં એકાગ્ર સાધના હોય. જ્યાં સાધના હોય ત્યાં સંપ્રાપ્તિ હોય. સૂક્ષ્માનંદથી બ્રહ્માનંદ સુધીની યાત્રા જીવનને સાર્થક કરનારી છે.

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# મહર્ષિ રમણના સાન્નિધ્યમાં

—પોલ બ્રન્ટન, અનુ. યોગેશ્વરજી

એમની વાત હું સારી પેઠે સમજી શકું એટલા માટે એ થોડી વાર અટક્યા. મેં એમનાં આગળનાં વાક્યો આતુરતાપૂર્વક સાંભળવા માંડ્યાં : 'તમે ઇચ્છો છો કે એ સત્ય સ્વરૂપનું વર્ણન કરી બતાવું, પરંતુ શું કહું? એની અંદરથી જ વ્યક્તિગત 'હું'નો ઉદય થાય છે અને એની અંદર જ એને વિલીન થવાનું છે.'

'વિલીન થવાનું?' મેં સામેથી પડઘો પાડ્યો : 'પોતાના વ્યક્તિત્વની લાગણી માણસ કેવી રીતે છોડી શકે?'

'પ્રત્યેક માણસના મનમાં પેદા થતો સૌથી પહેલો, અસલ અને આગળ પડતો વિચાર 'હું'નો વિચાર છે. એ વિચારના જન્મ કે ઉદ્‌ભવ પછી જ બીજા બાકીના વિચારો જન્મી શકે છે. મનમાં 'હું'નો ઉદ્‌ભવ થાય છે તે પછી જ 'તું' કે 'તમે' પેદા થઇ શકે છે. 'હું'નો માનસિક રીતે આધાર લઇને જો તમે તેના મૂળ સુધી પહોંચી જશો તો તમારી ખાતરી થશે કે જેવી રીતે એ સૌથી પહેલા વિચાર તરીકે પેદા થાય છે તેવી રીતે સૌથી આખરે અદશ્ય પણ થાય છે. એ વસ્તુનો અનુભવ કરી શકાય તેમ છે.'

'તમે એમ કહેવા માગો છો કે પોતાની અંદર એવું માનસિક સંશોધન કરવાનું સંપૂર્ણપણે શક્ય છે?'

'અવશ્ય. 'હું'નો છેલ્લો વિચાર ક્રમેક્રમે વિલીન થાય ત્યાં સુધી અંદર ઊતરવાનું શક્ય છે.'

'પછી શું બાકી રહે છે?' મેં પૂછ્યું : 'એ પછી માણસ એકદમ ચેતન બની જશે કે મૂર્ખ બનશે?'



'એવું નહીં થાય. ઊલટું, એને અવિનાશી સભાનતાની અનુભૂતિ થશે, અને માણસની પ્રકૃતિ જેવા એના અસલ સ્વરૂપની અનુભૂતિ થશે ત્યારે તે સાચા અર્થમાં જ્ઞાની બનશે.'

'હુંપણાની વૃત્તિ એની જ સાથે સંબંધ ધરાવે છે ને?' મેં ચાલુ રાખ્યું.

'હુંપણાની વૃત્તિનો સંબંધ તો માણસની જાત સાથે, શરીર અને મગજ સાથે છે.' મહર્ષિએ શાંતિથી ઉત્તર આપ્યો : 'માણસને સૌથી પહેલી વાર પોતાના સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે ત્યારે એના અંતરના ઊંડાણમાંથી કોઇક જુદી જ વસ્તુ બહાર આવે છે અને એના ઉપર અધિકાર જમાવે છે. એ વસ્તુ મનથી અતીત હોય છે, અનંત, અલૌકિક અને અવિનાશી હોય છે. કેટલાક લોકો એને સ્વર્ગના સામ્રાજ્ય તરીકે ઓળખે છે, બીજા કેટલાક એને આત્મા કહે છે, કોઇ વળી નિર્વાણનું નામ આપે છે, અને અમે હિંદુઓ એને મોક્ષ કહીએ છીએ. તમે તેને તમારી મરજી મુજબનું નામ આપી શકો છો. એનો અનુભવ થાય છે ત્યારે માણસ ખરી રીતે જોતાં પોતાની જાતને ગુમાવતો નથી, પરંતુ પોતાને શોધી કાઢે છે.'

દુભાષિયાના મુખમાંથી નીકળેલા છેલ્લા શબ્દો સાંભળીને ગેલીલીમાં પેલા પરિભ્રમણ કરતા ગુરુએ ઉચ્ચારેલાં ચિરસ્મરણીય વચનો મારા સ્મૃતિપટ પર તાજાં થયાં. એ વચનોએ કેટલાય સજ્જનોને આશ્ચર્યચકિત કર્યા છે : 'જે પોતાના જીવનને બચાવવાની કોશિશ કરશે તે તેને ખોઇ નાખશે; અને જે પોતાના જીવનને ખોશે તે તેને સાચવી શકશે.'

બંને વાક્યોમાં કેટલી બધી આશ્ચર્યકારક સમાનતા છે! છતાં પણ ભારતીય સંતની માન્યતા બિનખ્રિસ્તી માર્ગે પેદા થયેલી છે. એ પોતાના સિદ્ધાંત પર અત્યંત અઘરા અને અસમાન્ય લાગતા માનસિક વિકાસના માર્ગ દ્વારા પહોંચી ચૂક્યા છે.

મહર્ષિ ફરી બોલવા માંડ્યા. એમના શબ્દોએ મારા વિચારોમાં ભંગ પાડ્યો.

'જ્યાં સુધી માણસ પોતાના એ સત્ય સ્વરૂપની શોધ નથી કરતો ત્યાં સુધી શંકા અને અચોક્કસતાથી સમસ્ત જીવનપર્યંત ઘેરાયેલો રહે છે. મોટામાં મોટા રાજાઓ અને રાજપુરુષો બીજાના પર શાસન કરવાની કોશિશ કરે છે, પરંતુ એમના અંતરતમમાં જાણે છે કે તેઓ પોતાના પર શાસન કરી નથી શકતા. પોતાના અંતરના ઊંડાણમાં ડૂબકી મારનાર માનવ સર્વોત્તમ શક્તિનો સ્વામી બની જાય છે. દુનિયામાં એવી પ્રખર બુદ્ધિવાળા લોકો છે, જે જુદાજુદા કેટલાય વિષયોનું જ્ઞાન મેળવવામાં જીવન પૂરું કરે છે. એમને પૂછો કે તમે માનવ–રહસ્યનો ઉકેલ કર્યો છે કે તમારી જાતને જીતી છે? તો તે શરમથી મસ્તક નીચું નમાવશે. તમે પોતે કોણ છો તે ન જાણતા હો ત્યાં સુધી બીજું બધું જાણવાથી શો લાભ થાય તેમ છે? માણસો પોતાના સત્ય સ્વરૂપની શોધ નથી કરતા, પરંતુ એથી વધારે કિંમતી કરવા જેવું બીજું શું છે?'

'એ કામ ઘણું કઠિન અને લોકોત્તર છે.' મેં ટીકા કરી.

મહર્ષિએ ન સમજી શકાય તેવી રીતે માથું હલાવ્યું.

'એની શક્યતાનો અનુભવ સૌ કોઇ કરી શકે છે. તેમાં તમે ધારો છો તેટલી મુશ્કેલી નથી પડતી.'

'અમારા જેવા પ્રવૃત્તિપરાયણ, વ્યવહારુ પશ્ચિમવાસીઓ માટે એવું સૂક્ષ્મ અવલોકન....' મેં શંકા કરી ને મારું વાક્ય હવામાં પૂરું કર્યા વિના જ મૂકી દીધું.

ઓલવાઇ રહેલી અગરબત્તીની જગ્યાએ બીજી તાજી અગરબત્તી મૂકવા મહર્ષિ એને સળગાવવાના ઉદ્દેશથી નીચે નમ્યા.

'સત્યનો સાક્ષાત્કાર ભારતીય અને અંગ્રેજ બંનેને માટે



સરખો છે. સાંસારિક જીવનમાં ગળાડૂબ લોકો માટે એ રસ્તો જરા વધારે કઠિન છે એ સાચું હોય તોપણ, માણસ વિજયી થઇ શકે છે ને તેણે વિજયી થવું જ જોઇએ. ધ્યાન કરતી વખતે પેદા થયેલા પ્રવાહને ટેવ તથા અભ્યાસ દ્વારા કાયમ રાખી શકાય છે. એ પછી અખંડ જાગૃતિના એ પ્રવાહની અસર નીચે માણસ પોતાનાં કામ તેમજ પ્રવૃત્તિ કરી શકશે. એમાં ભંગ નહીં પડે. એવી રીતે ધ્યાન તથા બહારની પ્રવૃત્તિઓની વચ્ચેનો ભેદ મટી જશે. જો તમે 'હું કોણ' એ પ્રશ્નનું ધ્યાન કરો અને અનુભવો કે તમે ખરેખર શરીર, મગજ કે આ કામનાઓ નથી, તો એ સંશોધનવૃત્તિ અથવા એવા અભ્યાસને પરિણામે, આખરે તમારી પોતાની અંદરના ઊંડાણમાંથી એનો ઉત્તર મળી રહેશે. ઊંડા સાક્ષાત્કારરૂપે એ ઉત્તર તમને એની મેળે જ આવી મળશે.'

એમના શબ્દો પર મેં ફરી વાર વિચાર કરવા માંડ્યો.

'તમારા સાચા સ્વરૂપનો સાક્ષાત્કાર કરો.' એમણે ચાલુ રાખ્યું : 'પછી સત્ય તમારા હૃદયમાં સૂર્યપ્રકાશની પેઠે પ્રકાશી ઊઠશે, મન સ્વસ્થ થશે અને એની અંદર સાચું સુખ ઊભરાવા માંડશે, કારણકે સુખ અને સાચું સ્વરૂપ બંને એક જ છે. એકવાર આત્મભાવની પ્રાપ્તિ કરી લો, પછી તમારી સઘળી શંકાઓ દૂર થશે.'

પોતાનું મસ્તક ફેરવીને પોતાની દૃષ્ટિ એમણે હૉલના દૂરના છેડા પર કેન્દ્રિત કરી એના પરથી મેં સમજી લીધું કે એમના વાર્તાલાપની હદ પૂરી થઇ છે. અમારી અંતિમ વાતચીત એવી રીતે પૂરી થઇ. મારા પ્રસ્થાન પહેલાં હું એમને એમના ગૂઢ એકાંત આત્મિક આશ્રયસ્થાનમાંથી બહાર કાઢી શક્યો તે માટે મેં મારી જાતને અભિનંદન આપ્યાં. (ક્રમશઃ)

★ ★ ★

# શ્રીમદ્ભગવદ્ગીતાનો મહિમા

–સ્વામી રામસુખદાસ

ઉન્નતિ શું છે? ભગવદ્ગીતાના છઠ્ઠા અધ્યાયના બાવીસમા શ્લોકમાં આવ્યું છે–

**યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ ।**
**યસ્મિન્સ્થિતો ન દુઃખેન ગુરુણાપિ વિચાલ્યતે ॥**

જે પરમાત્માની પ્રાપ્તિરૂપ લાભને પ્રાપ્ત કરીને એનાથી અધિક બીજા કોઇ પણ લાભ નથી માનતો અને જે પરમાત્માની પ્રાપ્તિરૂપ અવસ્થામાં સ્થિત થઇને બહુ મોટા ભારે દુઃખથી પણ વિચલિત થતો નથી. આ શ્લોક મનુષ્યની ઉન્નતિની ઓળખનું થર્મોમીટર છે. એનો અર્થ એ થયો કે હવે મને કાંઇક મળી જાય, એવી મનુષ્યને ઇચ્છા થતી નથી. અને બીજી વાત એ છે કે દુઃખ એને સ્પર્શી પણ શકતું નથી. એનું તાત્પર્ય એ થયું કે મરણનો ભય, જીવવાની ઇચ્છા અને કશુંક મેળવવાની લાલસા બધું સમાપ્ત થઇ જાય છે. અને કરવાનું કોઇ કામ બાકી રહેતું નથી. ત્યારે સમજવું જોઇએ મનુષ્યએ જીવનમાં આવીને ઉન્નતિ કરી છે. અને જીવન સફળ થઇ ગયું છે. પરંતુ જ્યાં મરણનો ભય રહે છે ત્યાં સુધી સમજવું જોઇએ કે જે કરવું જોઇતું હતું તે કર્યું નથી. જાણવાલાયક છે તેને જાણ્યું નથી. મેળવવા લાયક છે તેને મેળવી શક્યા નથી અને આપણું જીવન સફળ થયું નથી.

નિશાળમાં ભણતી વખતે અનુભવ કર્યો જ હશે કે જો પાઠ યાદ હોય તો નિરીક્ષણને માટે અથવા પરીક્ષા માટે કોઇ આવે છે



અને તમને પૂછે છે તો એમાં તમને આનંદ આવે છે. પણ જો કોઇ છોકરાને પાઠ યાદ નથી હોતો, ત્યારે એ છોકરો પાછળ સંતાઇ જાય છે એટલા માટે કે ક્યાંક મને કોઇ પૂછી ન બેસે. એવો એને ભય લાગે છે. ભય કેમ લાગે છે? ભય એટલા માટે લાગે છે કે જે ભણવાનું હતું તે બરાબર ભણ્યો ન હતો. એવી જ રીતે માનવ–શરીર બ્રહ્મવિદ્યાનું અધ્યયન કરવા મળ્યું છે. જો મનુષ્યને મરવાનો ભય. જીવવાની ઇચ્છા થતી હોય તો એનો અર્થ એ છે કે એણે સારી રીતે બ્રહ્મવિદ્યાનું પૂરું અધ્યયન કર્યું નથી, જ્યારે એ અધ્યયન પૂરું થઇ જશે તો મરણનો ભય અને જીવવાની ઇચ્છા રહેશે નહીં. પછી તો જીવતા રહીએ તોય આનંદ, મરી જઇએ તો ય આનંદ, કોઇ ચિંતા નહીં, કોઇ ઇચ્છા નહીં, કોઇ ભય નહીં. પછી નથી કંઇ જાણવાનું બાકી રહેતું, નથી પ્રાપ્ત કરવાનું બાકી રહેતું અને નથી કશું કરવાનું બાકી રહેતું. આ વસ્તુઓનું તો ખાતું જ બંધ થઇ જાય છે. આ વાત હું આપને સાચ્ચી કહું છું, આ મારી વ્યક્તિગત વાત નથી, મારા ઘરની વાત નથી, પણ આ સંતોની, શાસ્ત્રોની અને ભગવદ્ગીતાની કહેલી વાત છે.

મનુષ્યમાં એક કરવાની, એક જાણવાની, અને એક પામવાની ત્રણ શક્તિઓ સ્વાભાવિકપણે હોય છે. મનુષ્ય જ્યાં સુધી પોતાને માટે કરે છે, ત્યાં સુધી એ કૃતકૃત્ય નથી થતો. પણ જ્યારે કરવા લાયક કામ કરે છે ત્યારે મનુષ્ય કૃતકૃત્ય થઇ જાય છે, અર્થાત્ એને કશું જ કરવાનું બાકી રહેતું નથી. આવી જ રીતે મનુષ્યને કેટલીક ભાષાઓની જાણકારી થઇ જાય, તે ગમે તેટલો વિદ્વાન થઇ જાય પણ જ્યાં સુધી તે પોતે પોતાને નહીં

જાણે, ત્યાં સુધી જાણવાનું બાકી રહેશે. પરંતુ જ્યારે પોતે પોતાને સારી રીતે જાણી લેશે પછી જાણવાનું બાકી રહેશે નહીં. આ જ રીતે પ્રાપ્ત કરવાનું ક્યાં સુધી બાકી રહે છે? જ્યાં સુધી પ્રભુ–દર્શન, પ્રભુ–પ્રેમની પ્રાપ્તિ ન થઇ જાય. જે વખતે સર્વોપરિ પરમાત્મા મળી જાય. તેમનાં દર્શન થઇ જાય. તેમનો પ્રેમ પ્રાપ્ત થઇ જાય, તત્ત્વનો બોધ થઇ જાય તો ત્યાર પછી કશું જ પ્રાપ્ત કરવાનું રહેતું નથી. અને આ ત્રણે વાતો મનુષ્યજન્મમાં જ થઇ શકે છે. ભગવદ્‌ગીતાથી, સંતોની વાણીથી અને સત્સંગથી મને આ વાત જાણવા મળી છે. અને તે એ કે મનુષ્યમાત્ર અધિકારી છે. પછી ભલેને એ હિન્દુ, મુસલમાન, બૌદ્ધ, પારસી કે ખ્રિસ્તી ગમે તે હોય. ગમે તે સંપ્રદાયનો હોય, વૈષ્ણવ, શૈવ, શાક્ત, જૈન, શીખ ગમે તે કેમ ન હોય. મારા સત્સંગમાં મુસલમાન પણ આવે છે. આર્યસમાજીઓ પણ આવે છે. આર્યસમાજીઓએ તો મને બોલાવ્યો છે અને હું ગયો પણ છું. ઘણા બધા સંપ્રદાયોમાં મારે જવાનું થાય છે, અને કામ પડે છે. મારી કોઇ વાત સંપ્રદાય કે ધર્મ વિરૂદ્ધ હોતી જ નથી. જેમ મા બાળકને પ્રેમથી પંપાળે છે, ઉછેરે છે, અને ઉદારતાથી દૂધ પાય છે એવી જ રીતે આપણે સૌ પરમાત્માનાં બાળક છીએ. તેથી એ પરમાત્મારૂપી માનું દૂધ મસ્તીથી. આનંદથી પીઓ. '**દુગ્ધં ગીતામૃતં મહત્**' આ બહુ વિલક્ષણ દૂધ છે જેટલું પીતા જશો તેટલી જ પુષ્ટિ થતી જશે. જ્યારે ગીતારૂપી દૂધ પીવામાં રસ આવવા માંડશે ત્યારે ન્યાલ થઇ જશો.

ગીતા એક વિલક્ષણ ગ્રંથ છે. એમાં કેવળ સાતસો શ્લોક છે. પરંતુ એમાં અલૌકિક તત્ત્વ ભર્યું છે. એનું સંસ્કૃત સરળ છે.



આપણે એને વાંચી શકીએ અને યાદ પણ કરી લઇએ છીએ. અને તેના કામમાં લાવી શકીએ છીએ. એમાં નવી નવી વાતો મળે છે. પહેલાં ભલે એવું સમજી લો કે મેં આખી ગીતા પૂરેપૂરી વાંચી લીધી છે અને હું જાણકાર થઇ ગયો છું. પરંતુ જેમ જેમ એમાં ઊંડા ઊતરતા જશો તેમ તેમ ખબર પડશે કે અરે! હું તો બહુ જ થોડું જાણું છું. એમાં નિત્ય નવા નવા ભાવો મળે છે. મને તો પાઠ કરતાં કરતાં આખી ગીતા મોઢે થઇ ગઇ. મેં સીધો પાઠ કર્યો, પછી અવળો પાઠ કર્યો જેમ કે **'યત્ર યોગેશ્વરઃ કૃષ્ણોતત્ર પાર્થો ધનુર્ધરઃ' થી ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે....** સુધી ગીતાજીના પુસ્તકમાં જોયા વગર એકાન્તમાં બેસીને પાઠ કર્યો છે. બહુ વિલક્ષણ આનંદ આવ્યો. કેવળ પાઠ કરવા માત્રથી જ, તમે કરી જુઓ. અવળો પાઠ કરવાથી શ્લોકો પર વિશેષ ધ્યાન જાય છે અને શ્લોકોના અર્થનું વિશેષ જ્ઞાન થાય છે. બહુ જ શાંતિ મળે છે. ધન, વિદ્યા, પરિવાર, માન, આદર વગેરે પ્રાપ્ત કરીને ભલેને તમે પોતાને મોટા માની લો, પરંતુ મોટા થવાનું નથી. તમે સ્વયં અવિનાશી, આ વિનાશી ચીજોથી કેવી રીતે મોટા બની જશો? પરંતુ ગીતાનું અધ્યયન કરીને તમે સર્વોપરિ થઇ જશો. તમને પરમ શાન્તિ મળશે. એમાં સંદેહ નથી.

એક વૈશ્ય ભાઇએ મને જણાવ્યું કે અમે તો માનતા હતા કે ગીતા સારી છે, પણ મુખપાઠ કરવાથી જણાયું કે એ તો ખૂબ વિલક્ષણ છે. તમે સ્વયં અધ્યયન કરીને, એની અંદર પ્રવેશ કરીને જોશો તો આ નાનકડા ગ્રંથમાં કેટલાય વિચિત્ર અને વિલક્ષણ ભાવ છે. એની અંદર પ્રવેશ કરીને તમે અવિનાશી પરમાત્મતત્ત્વને પ્રાપ્ત કરી લેશો.

**'યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ'**

પછી એ લાભને પ્રાપ્ત કરીને ન કશું કરવાનું બાકી રહેશે, ન કશું જાણવાનું બાકી રહેશે. આવું થયા પછી જીવવાની અને કશું કરવાની ઇચ્છા નથી રહેતી અને મરવાનો ભય નથી રહેતો. મનુષ્ય કૃતકૃત્ય થઈ જાય છે. પ્રાપ્ત–પ્રાપ્તવ્ય થઈ જાય છે. જ્ઞાત–જ્ઞાતવ્ય થઈ જાય છે. પૂર્ણતા થઈ જાય છે. અને મનુષ્ય જન્મ સફળ થઈ જાય છે.

પ્રેમના શબ્દો મીઠા હોય છે પણ એમાં લાચારી નથી હોતી અને કઠોર હોય તો એમાં તિરસ્કાર નથી હોતો.

બુદ્ધિ છે "બાપ" જેવી એને કમાઉ દીકરો જ ગમે છે, જ્યારે "હૃદય" છે મા જેવું એને કમજોર દીકરોય વ્હાલો છે.

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# કરુણાનો ઉદ્યોગ અને જ્ઞાનનો ઉદ્યમ

–ભદ્રાયુ વછરાજાની

**જિંદગીની સફરના આઠમા દસકમાં પહોંચેલા કરુણામૂર્તિ ગફૂરભાઈ બિલખિયાએ 'મા ફાઉન્ડેશન'ની સ્થાપના કરી છે. અમરેલી અને વાપીનાં લાખો બાળકોને કે. જી. ટુ પી. જી. સુધી ભણાવવાની બધી જ આર્થિક જવાબદારી આ સંસ્થા ઉપાડે છે. તદુપરાંત સ્વાસ્થ્યના ક્ષેત્રે પણ સક્રિય છે.**

**વા**પીની આસપાસ ધરમપુર, કપરાડા કે નાનાં છેવાડાનાં ગામોમાં કેટલીય વાર તમને ખાદીધારી સફેદ ઝભ્ભામાં સ્મિત વેરતું વ્યક્તિત્વ દેખાશે. આછી સફેદ દાઢી, પાતળું સપ્રમાણ શરીર. રોજ સવારે નિત્યક્રમ પૂર્ણ કરી પૂજા પાઠ કરી એ નીકળી પડે પોતાની ગાડીમાં. થોડા થોડા અંતરે ગાડી ઊભી રખાવી એ ચાલવા લાગે અને આસપાસનાં ઘરે જઈ સૌનાં ખબરઅંતર પૂછે. બાળકના ભણતરના વિશે પૂછે. ઘરના સૌના સ્વાસ્થ્ય અંગે પૂછે. આર્થિક સ્થિતિ કેવી છે તે જાણે અને પછી તેમને સહાય ક્યાંથી મળશે એ સૂચવે. 'ભણવું છે ને ફી નથી, તો મા ફાઉન્ડેશન પાસે પહોંચો, એ તમને ભણાવશે', 'અસાધ્ય રોગ છે ને કુટુંબની હાલત ખરાબ છે તો આ લ્યો ચિઠ્ઠી, જઈને આપજો તમને મદદ મળશે...' ક્રિસમસમાં શાંતાક્લોઝ આવે ગિફ્ટ આપી જાય તેવી જ રીતે આ બુઝુર્ગ જાણે કે આ પંથકના ફરિશ્તા! ક્યારેક ડ્રાઈવર ન આવે તો ગફૂરભાઈ રિક્ષામાં નીકળી પડે. અરે, રસ્તે ચાલતા જાય પણ રોજ સવાર પડી નથી

ને ગફૂરભાઇની બસો—અઢીસો કિમીની કરુણાયાત્રા શરૂ થઇ નથી! જિંદગીની સફરના આઠમા દસકમાં પહોંચેલા આ કરુણામૂર્તિ તે ગફૂરભાઇ બિલખિયા.

ના, તે બહુ જ અંતર્મુખી છે. જાહેરમાં આવવું, સમારંભમાં જવું કે સ્થાન શોભાવી ભાષણો કરવાં તેઓને લેશમાત્ર ગમતું નથી. છેલ્લાં બે'ક વર્ષોની મહેનત પછી પણ આ લેખ માટે હું તેમને પ્રત્યક્ષ મળી શક્યો નથી. તેમને પ્રચાર કે પ્રસિદ્ધિ ગમતાં જ નથી. પોતાના વિશે વાત કરવાનું તો તેમને ગમતું જ નથી. હું એમની ત્રીજી પેઢીને મળ્યો છું, પણ ગફૂરભાઇ સુધી પહોંચી શક્યો નથી. એ જાણીને આશ્ચર્ય થશે કે બિલખિયા ગ્રૂપનું જબરું મોટું સામ્રાજ્ય છે. ગુજરાતના એક છેડે ભલે બેઠા પણ આ ગ્રૂપે વિશ્વના છેવાડાના દેશો સુધી પોતાની ઓળખ સ્થાપિત કરી છે. હિન્દુસ્તાન ઇન્કસથી શરૂ કરી સૌ પ્રથમ અમેરિકાને સર કર્યું, કારણ કે વિશ્વની ત્રીજા ભાગની શાહીનો વપરાશ તો અમેરિકામાં થતો હતો! ગફૂરભાઇ નાનપણથી પ્રામાણિકતાભર્યા સાહસમાં માનતા હતા. એમણે અમેરિકામાં જ પ્રથમ ડગલું ભર્યું અને ત્યાં હિન્દુસ્તાન ઇન્કસ દ્વારા હિન્દુસ્તાનનો ઝંડો ફરકાવ્યો. આજે તો શાહી બનાવતી દુનિયાની ચોથા નંબરની કંપની 'માઇક્રો ઇન્કસ લિમિટેડ' આખી દુનિયામાં વિસ્તરેલી છે, પણ તેનો પાયો વાપીમાં વ્યાપ્ત છે!

ગફૂરભાઇની ત્રીજી પેઢી આજે બધું સંભાળે છે અને ગફૂરભાઇ નિજાનંદમાં જીવે છે. એમની જન્મભૂમિ તે અમરેલી—ભાવનગર અને કર્મભૂમિ વાપી—વલસાડ. અમરેલી



જિલ્લાના વડા ગામના નૂરબાઇમાના દીકરા ગફૂરભાઇ. નૂરમાઇમા સંસ્કારનો કુબેર ભંડાર. ગફૂરભાઇએ બાળપણમાં પિતાની છાયા ગુમાવેલી, એટલે પાળ્યા—પોષ્યાને ઘડ્યા નૂરબાઇમાએ. માએ વિદાય લીધી એટલે ગફૂરભાઇએ 'મા ફાઉન્ડેશન'નો દીપક પ્રગટાવ્યો. આજે 'મા ફાઉન્ડેશન' ગફૂરભાઇની જન્મભૂમિ અને કર્મભૂમિને શિક્ષણ અને સ્વાસ્થ્ય એ બે ક્ષેત્રોમાં અવર્ણનીય ટેકો કરે છે. અમરેલી અને વાપીનાં લાખો બાળકોને કે. જી. ટુ પી. જી. સુધી ભણાવવાની બધી જ આર્થિક જવાબદારી આ સંસ્થા ઉપાડે છે. વાપી આસપાસની ત્રણસો પ્રાથમિક શાળાઓમાં મા ફાઉન્ડેશન એક—એક શિક્ષક પોતાના તરફથી નિયમિત રીતે મૂકેલા છે. પ્રત્યેક શાળામાં સાયન્સ કોર્નર, પઝલ કોર્નર, અક્ષયપાત્ર, વાચન, કોર્નર, પ્રવૃત્તિ કોર્નર, રામહાટ વિદ્યાર્થીઓની મદદથી ચલાવે છે. મારુતિવેનમાં વિજ્ઞાનના પ્રયોગનાં સાધનો ભરી 'સાયન્સ ઓન વ્હીલ્સ' પ્રત્યેક શાળામાં એક દિવસ વિતાવે છે અને બાળકો વિજ્ઞાન માણે છે!

મા ફાઉન્ડેશને વાપી આસપાસની ૩૦૦ સરકારી શાળાઓને ભણવા યોગ્ય, રમણીય અને ગમી જાય તેવી સુંદર બનાવી દીધી છે. ત્યાંનાં બાળકોને પ્રવૃત્તિપ્રેમી અને વિજ્ઞાનપ્રિય બનાવ્યાં છે. મા ફાઉન્ડેશનમાં સેવાભાવનાથી જોડાયેલા સાડા ચારસોથી વધુ શિક્ષણજીવો ગફૂરભાઇની કર્મભૂમિને કેળવણીના વાવેતરથી લીલીછમ બનાવી રહ્યા છે.

હાઇસ્કૂલના હજારો વિદ્યાર્થીઓ માટે 'ભવિષ્યમાં શું

બનીશ?' આ પ્રશ્નનો જવાબ 'દિશા' કાર્યક્રમથી મા ફાઉન્ડેશન આપી રહ્યું છે. દેશભરમાં રૂબરૂ જઇ કાર્યકરો એપ્ટિટ્યુડ ટેસ્ટ લઇ કેરિયર ટોક આપી નવી પેઢીને જીવનપંથ ચીંધે છે. નૂરબાઈમાના છેલ્લા શબ્દો હતા કે, 'આપણે જ્યાં જન્મ્યા અને જ્યાં કમાયા, ત્યાંના સમાજને આપણે પાછું આપી ઋણ અદા કરવું જોઇએ.' બસ, આ શબ્દોએ 'મા ફાઉન્ડેશન'નો પાયો ચણ્યો છે.

યુવાનીમાં ખૂબ જ સંઘર્ષ કરી ટોચ પર આજે પહોંચેલા ગફૂરભાઇ પર ગાંધીજીનો ભારે પ્રભાવ નાનપણથી છે. ગાંધી ચીંધ્યા સંસ્કાર અને સાદાઇને આજે પણ જીવનારા ગફૂરભાઇના ત્રણ દીકરાઃ યુનુસભાઇ, અંજુમભાઇ, ઝાકિરભાઇ. આ ત્રિપુટીએ છેલ્લા ત્રણ દાયકામાં ઔદ્યોગિક ક્ષેત્રે કાઠું કાઢ્યું છે. એગ્રો કેમિકલ્સ, મેરિલ લાઇફ સાયન્સ અને મેક્સસ એજ્યુકેશન વિરાટ ઉદ્યોગગૃહો બનાવ્યાં છે. બ્લડ કે યુરિન ટેસ્ટ માટેનું કેમિકલ પણ તેઓ બનાવે છે, તો હાર્ટમાં મૂકવાના સ્ટેન્ડ કે ગોઠણની ઢાંકણી બનાવવામાં તેઓ એશિયામાં મોખરે છે. એજ્યુકેશન ક્ષેત્રે બાળ ફર્નિચરથી લઇને બોલતી ટેક્સ્ટબુક મેક્સસ નિર્માણ કરે છે. વાપીમાં બિલખિયા ગ્રૂપનું સામ્રાજ્ય જુઓ તો તમને ખ્યાલ આવે કે પરિશ્રમ અને પ્રામાણિક પ્રયત્નો કઇ ઊંચાઇ સુધી લઇ જાય છે! પોતાનું હેલિપેડ, પોતાનું પ્રોફેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ તથા વર્લ્ડ ક્લાસ લેબોરેટરીઝ તમને અહેસાસ કરાવે કે ગફૂરદાદાના દિલની અમીરી માના આશીર્વાદથી અહીં સ્વિટ્ઝર્લેન્ડ સર્જાયેલું છે.



ગફૂરભાઇ પોતે ખાદી પહેરીને અટકી નથી ગયા. હજ પઢવા જતા મુસ્લિમોને ખાદી અપનાવવાની વિનંતી કરી તેઓ પવિત્રતા સાથે ખાદીનું તાંતણું બાંધી યથોચિત પ્રચાર–પ્રસાર કરે છે. સારપ મળી નથી કે વહેંચી નથી, એ ગફૂરભાઇનો સહજ સ્વભાવ છે. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બળવંતરાય મહેતાએ આજથી સિત્તેરેક વર્ષ પહેલાં નૂરબાઇમાને કહેલું : 'મને તમારો દીકરો દત્તક આપો.' મા ત્યારે બોલેલાં : 'બધું માગો, પણ મારી આંખના રતનને નહીં માગો.' નૂરબાઇમા સાચાં હતાં કારણ તે સમયમાં ભણતરનું મૂલ્ય સમજતાં હતાં. માને ખબર હતી કે મારી આંખના રતને સમાજની કેટલીય માનાં આંખનાં રતનોને ઉછેરવાનાં છે, ભણાવવાનાં છે અને આંગળી પકડીને મારગે ચડાવવાનાં છે. કરુણાનો ઉદ્યોગ અને જ્ઞાનનો ઉદ્યમ ભળે ત્યારે ગફૂરભાઇ સર્જાય.

**(દિવ્ય ભાસ્કરના સૌજન્ય)**

સમર્પણ છે ''લાકડા'' જેવું એને કોઇ ડુબાડી શકતું નથી જ્યારે અહંકાર છે ''પથ્થર'' જેવો એને કોઇ તારી શકતું નથી.

જેની પાસે પ્રસન્નતા જ નથી એને શાંતિનો બહુ ભરોસો કરવો નહિ.

ધનવાનથી ધનવાન વ્યક્તિ પણ ત્રણ ચીજો ક્યારેય ખરીદી ના શકે, તંદુરસ્તી, મિત્ર અને શાંતિ.

# ચમત્કારિક ઈલાજ 'પાણી—પ્રયોગ'

**—સંદેશના સૌજન્યથી**

નવી અને જૂની જીવલેણ બીમારીનો. એક બહુ જ સરળ અને સાદો ઉપચાર 'પાણી—પ્રયોગ' નામનો એક લેખ 'જાપાનીસ સીકનેસ એસોસિયેશન' તરફથી પ્રગટ થયો છે, તેનો સારાંશ નીચે આપ્યો છે.

આ ચમત્કારિક 'પાણી—પ્રયોગ'નાં પરિણામોનું વૈજ્ઞાનિક પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેનાથી નીચેના રોગો મટ્યાનું જણાયું છે.

માથાનો દુખાવો, બ્લડપ્રેશર, સંધિવા, લકવો, બેહોશી, બ્લડ કોલેસ્ટરોલ, કફ, ખાંસી, દમ, ટી.બી. મેનિન્જાઇટિસ, લીવરને લગતા રોગો, પેશાબની બીમારીઓ, એસિડિટી, ગેસટ્રબલ, મરડો, કબજિયાત, હરસ, ડાયાબિટીસ, આંખની બીમારીઓ, સ્ત્રીઓનું અનિયમિત માસિક, પ્રદર, ગર્ભાશયનું કેન્સર, નાક અને ગળાના રોગો.

પાણી પીવાની રીત : વહેલી સવારે ઊઠીને મોઢું ધોયા વગર કે બ્રશ દાતણ કર્યા વગર ૧૨૫૦ ગ્રામ પાણી (૪ મોટા ગ્લાસ) એકસાથે પી જવું. તે પછી ૪૫ મિનિટ સુધી કંઇ ખાવું પીવું નહીં. પાણી પીધા પછી બ્રશ—દાતણ—કોગળા કરી શકાય. આ પ્રયોગ ચાલુ કર્યા પછી સવારે નાસ્તા પછી અને બપોરે અને રાત્રે જમ્યા પછી બે કલાક પછી પાણી પીવું અને રાત્રે સૂવાના અડધા કલાક પહેલાં કંઇ ખાવું નહીં. બીમાર તથા નાજુક પ્રકૃતિના માણસો એકસાથે ચાર ગ્લાસ પાણી પી ન શકે તો એક અથવા બે ગ્લાસથી શરૂઆત કરી, ધીમે ધીમે વધારી ચાર ગ્લાસ સુધી



પહોંચવું. બીમાર માણસોએ સાજા થવા અને તંદુરસ્ત માણસોએ બીમાર ન પડવા માટે આ પ્રયોગ કરવો.

પ્રયોગો અને પરીક્ષણને આધારે નીચે જણાવેલ બીમારી સામે જણાવેલ મુદતમાં મટી શકે છે.

| | |
|---|---|
| હાઇ બ્લડપ્રેશર | ૧ માસમાં |
| ગેસની તકલીફો | ૨ દિવસમાં |
| ડાયાબિટીસ | ૧ અઠવાડિયામાં |
| કબજિયાત | ૨ દિવસમાં |
| કેન્સર | ૧ માસમાં |
| ટી.બી. | ૩ માસમાં |

નોંધ : ચાર ગ્લાસ પાણી પીવાથી કોઈ આડ અસર થતી નથી. શરૂઆતમાં ત્રણેક દિવસ પેશાબ કરવા વધારે વખત જવું પડે છે. ત્યાર બાદ રેગ્યુલર થઈ જાય છે.

### હાજરાહજૂર ખજૂર

ખજૂર એ સામાન્ય માણસની સોનાની ભસ્મ છે. શિયાળામાં અડદિયાં કરતાં આખું કુટુંબ ત્રણ—ચાર મહિના ખજૂરનું સેવન કરે તો આખા વર્ષનો લાગેલો શરીરનો ઘસારો રિપેર થઇ જાય છે અને પરિવાર કે નાનાં બાળકોનો વિકાસ થાય છે.

ખજૂરમાં અનેક પૌષ્ટિક તત્ત્વો ભરેલાં છે. ખજૂરમાં લોહભસ્મ, ફોસ્ફરસ, કેલ્શિયમ, વિટામિન્સ એ, બી, સી ઉપરાંત બીજાં નાનાં ખનીજ તત્ત્વો ભરેલાં છે. ખજૂર મુસ્લિમ રાષ્ટ્રોના જે ભાગમાં થાય છે ત્યાંના લોકોના શરીર ખડતલ, અને લાલઘૂમ હોય છે. આપણે અહીં નાસ્તામાં ગાંઠિયા, સેવ કે ફરસાણ ખાઇએ છીએ તેમ તે લોકો સવારના નાસ્તામાં ખજૂર

ખાય છે. ફરસાણ લાંબે સમયે નુકસાન કરે છે અને ખજૂર તમને એટલો જ ફાયદો કરે છે. ત્યાં ગેસ્ટ આવ્યા હોય તો ચા–પાણીથી નહીં પણ ખજૂરની ડિશ ભરીને તમારું સન્માન કરે છે. ખજૂરમાં ત્રણ–ચાર જાતો છે. તેમાં આ દેશી કાળી ખજૂર તંદુરસ્તી મેળવવા વધારે ઉપયોગી છે.

જે લોકોને જૂની કબજિયાત રહેતી હોય તેવા લોકો રોજ રાત્રે આઠેક પેશી ઘી સાથે ખજૂર ખાવાની આદત પાડે તો પેટ સાફ આવે છે. કાળી ખજૂર તો બધી રીતે ટોનિક છે. ગાંઠિયા ફરસાણના બદલે રોજ સવારે છ–આઠ પેશી ઘી સાથે અથવા ઘી વગર ખજૂર નાસ્તા તરીકે ખાવાની ટેવ રાખો તો તમારા શરીરમાં કદી નબળાઇ લાગશે નહીં. આખો દિવસ સ્ફૂર્તિમય પસાર થશે.

આમળાનું જીવન અને ખજૂરપાક એક–એક ચમચી મિક્સ કરી આખો શિયાળો નિયમિત બે વખત આપવામાં આવે તો એક જાદુઇ શક્તિ જળવાઇ રહે છે. એટલું જ નહીં મંદ જાતીયતા ઉત્તેજિત બને છે. આધેડ ઉંમર કે વૃદ્ધો માટે ખજૂરપાકનું એક–એક બટકું ખાઇને માચે માફક આવે એટલું દૂધ પીએ એટલે શિથિલ પડેલા અવયવો, લબડતી ચામડી અને વૃદ્ધત્વ ઘણું મોડું આવે છે.

એકદમ ચોખ્ખા એક કપ પાણીમાં ખજૂરની ચાર પેશી પલાળી ચોળી તેમાં એક લીંબુ નીચોવી તેમાં સહેજ મીઠું, મરી, ધાણાજીરું નાખી રોજ બાળકને સવારે નિયમિત આખો શિયાળો આપવામાં આવે તો તેનો વિકાસ ઝડપથી થવા માંડે છે.

છ પેશી ખજૂરને એક કપ દૂધમાં ઉકાળી તેમાં અડધી ચમચી સૂંઠ, અડધી ચમચી મેથી અને અડધી ચમચી ઘી નાખી સવાર–



સાંજ આપવામાં આવે તો શરીરના સાંધાનો દુખાવો મટી જાય છે. આ પ્રયોગ ત્રણથી પાંચ મહિના કરવો. છ પેશી ખજૂરને બે કપ દૂધમાં, એક ચમચી હળદર નાખી ઉકાળી સવાર–સાંજ પીવામાં આવે તો ચહેરા શરીરની ચામડી ગોરી થઇ સુંદરતા વધી જાય છે. આ પ્રયોગ છ થી આઠ માસ કરવો.

ખજૂરની છ પેશી દૂધમાં ઉકાળી તેમાં એક ચમચી ચોખ્ખું મધ અને એક ચમચી ગુલકંદ નાખી પીવાથી પણ સવાર સાંજ બે વખત તો તમારી નબળી આંખોનું તેજ વધે છે. મગજમાં ઠંડક રહે છે. ગયેલી કે મંદ પડેલી યાદશક્તિ સતેજ થાય છે.

નબળા પડેલા દાંતના પેઢા કે પેઢામાંથી લોહી નીકળતું હોય, વાળ ખરતા હોય તો ખજૂર, જીવન અને મધનો પ્રયોગ અકસીર છે. વાળના રોગ માટે આ પ્રયોગ લાંબો સમય કરો તો બહુ જ ફાયદો થશે. ખજૂરના અસંખ્ય પ્રયોગમાંથી માત્ર થોડાક પ્રયોગો અત્રે મૂક્યા છે. આમ ખજૂર હાજરાહજૂર છે. તે વાતની પ્રતીતિ આ પ્રયોગો દ્વારા થાય જ છે.

## ખજૂરમેં હૈ બડે બડે ગુણ

સૂકા મેવા તરીકે ઉપયોગમાં લેવાતી ખજૂર ઔષધીય ગુણોનો ભંડાર છે. ખજૂરમાં ગ્લુકોઝ સૌથી વધુ પ્રમાણમાં હોય છે. ગ્લુકોઝથી આપણાં શરીરમાં ચેતન અને સ્ફૂર્તિ ઉત્પન્ન થાય છે. ખજૂરના ગળપણથી દાંત બગડતા નથી. ખજૂરમાં વિટામિન–એ અને વિટામિન–બી ભરપૂર પ્રમાણમાં છે. આ ઉપરાંત કેલ્શિયમ, સોડિયમ, મેગ્નેશિયમ, પોટેશિયમ, સલ્ફર વગેરે રહેલાં છે. ખજૂરમાં તાજાં ફળોના બધાં જ ગુણધર્મો ટકી રહે છે. ખજૂર તૃષાને રોકનાર છે. એટલે કે તરસ પર નિયંત્રણ રાખવામાં તે મદદ કરે છે. રણપ્રદેશોમાં ખજૂરી વધુ પ્રમાણમાં

જોવા મળે છે, તેનું એક કારણ પણ એ જ છે કે એ પ્રદેશની આસપાસ વસતા સ્થાનિક લોકો ખજૂરનો ઉપયોગ કરે છે જેથી પાણીની અછતને નિવારી શકાય. તરસ લાગે ત્યારે ખજૂરનો ઠળિયો મોંમાં રાખવાથી તરસ છીપાય છે. ખરજવા ઉપર સૂકી ખજૂર એટલે કે ખારેકનાં બી બાળીને તેની રાખ, કપૂર અને ઘી વાટીને લેપ કરવાથી રાહત મળે છે. કપાળમાં દુખાવો થતો હોય તો ખારેકનાં બી લસોટીને તેને માથા પર લગાવવાં જોઈએ. ખજૂરને રાત્રે દૂધમાં પલાળીને ખાવાથી શારીરિક તંદુરસ્તીમાં સુધારો નોંધાય છે. આ ઉપરાંત ખજૂરમાં કુદરતી રીતે ગ્લુકોઝ અને સુક્રોઝ સંતુલિત માત્રામાં રહેલાં છે. જેને કારણે મધુપ્રમેહના દર્દીઓને પણ તે ફાયદાકારક રહે છે. ખજૂરમાંથી બનાવેલી વિવિધ વસ્તુઓનો આહારમાં ઉપયોગ કરવાથી ઈન્સ્યુલિનનું પ્રમાણ શરીરમાં જળવાઈ રહે છે. ખજૂર ખાવાથી લોહી શુદ્ધ થાય છે અને રોગપ્રતિકારક ક્ષમતામાં વધારો થાય છે. ખજૂરના ઠળિયા કાઢીને તેને ઘીમાં સાંતળીને ખાવાથી પણ ઊર્જામાં વધારો થાય છે. મહત્ત્વની વાત એ છે કે ખજૂરને દૂધ સાથે ખાવ કે ઘી સાથે તેને કારણે ચરબીમાં ખાસ વધારો નથી થતો. એટલે કે મેદસ્વિતાથી પીડાતી વ્યક્તિઓ પણ નિયંત્રિત માત્રામાં ખજૂરનો ઉપયોગ કરી શકે છે.

**ખજૂર ફેફસાં અને મોઢાના કેન્સર સામે રક્ષણ આપે છે**

(એજન્સીઝ) લંડન, તા. ૨૬

પ્રોટીન અને અનેક વિટામિન્સથી ભરપૂર ખજૂર અને ખારેકનો જો નાસ્તામાં કે ખોરાકમાં દરરોજ ઉપયોગ કરવામાં આવે તો તેનાથી શરીરની તંદુરસ્તી જળવાય છે અને ઉત્સાહ તેમજ ચુસ્તી અને સ્ફૂર્તિ વધે છે. ખજૂર ખાવાથી શરીરમાં



શક્તિનો સંચાર થાય છે. ખજૂરનું સેવન ચામડીને ચમકદાર અને સુંવાળી બનાવે છે તેમજ લોહીમાં રહેલા ખરાબ કોલેસ્ટરોલને દૂર કરે છે. ખજૂર તેમજ ખારેક ખાવાથી આંખોની ચમક વધે છે તેમજ દ્રષ્ટિમાં સુધારો થાય છે.

આરબ દેશોમાં અને રણમાં ઊગતું આ ફળ પ્રોટીન અને અનેક વિટામિન્સથી ભરપૂર છે, તેમાં કેલ્શિયમ, લોહતત્ત્વો, પોટેશિયમ, ફોસ્ફરસ, મેગેનીઝ, કોપર અને મેગ્નેશિયમ વિપુલ પ્રમાણમાં રહેલું હોય છે. એવું કહેવાય છે કે જો દરરોજ એક ખજૂર ખાવામાં આવે તો તેનાથી શરીરનું સંતુલન જળવાય છે, પાચનક્રિયાને સરળ બનાવે છે.

તાજા ખજૂરથી સુગર ઉપરાંત ફ્રક્ટોઝ અને ડેક્સટ્રોઝ મળી આવે છે જે શરીરની તાજગી જાળવી રાખે છે અને શરીરમાં નવચેતનાનો સંચાર કરે છે. ખજૂરમાં રહેલા ફાઈબરને કારણે લોહીમાં રહેલું ખરાબ કોલેસ્ટરોલ દૂર થાય છે.

**★ ખરાબ કોલેસ્ટરોલને દૂર કરે છે.**

**★ ચામડીને ચમકદાર અને લીસી બનાવે છે.**

લેકસેટિવ તરીકે તેનો ઉપયોગ ગુણકારી છે.

ખજૂરમાં વિટામિન–એ ભરપૂર હોય છે તેમજ તે એન્ટિઓક્સિડન્ટ છે જેને કારણે આંખોની ચમકમાં વધારો થાય છે અને દ્રષ્ટિનું તેજ વધે છે. વિટામિન એ ને કારણે ચામડી ચમકદાર અને સુંવાળી બને છે, આ ઉપરાંત ફેફસાંનું કેન્સર થતું અટકે છે અને મોઢાના કેન્સર સામે પણ તે રક્ષણ આપે છે. ખજૂરમાં રહેલું એન્ટિઓક્સિડન્ટ શરીરના કોષોને જાળવી રાખે છે.

# શૈક્ષણિક સિદ્ધિ પારિતોષક સમારોહ

રાજુભાઇ જાની

પ.પૂ. મા શ્રી સર્વેશ્વરીના જન્મદિન તા. ૧૩ નવે. ૨૦૧૩ ના દિને સ્વર્ગારોહણ અંબાજી ખાતે યોગજ્યોત ગૌરવ સને ૨૦૧૨–૧૩ ના શૌક્ષણિક વર્ષ માટેનો કાર્યક્રમ યોજાયો હતો. આ વર્ષ દરમ્યાન યોગેશ્વર પરિવારના સભ્યોના ઊંચી શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરનાર ૩૫ જેટલા તેજસ્વી તારલાઓનું સન્માન યોગજ્યોત ગૌરવ પારિતોષિક શિલ્ડ તેમજ રોકડ પુરસ્કારથી પ.પૂ. માના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પુરસ્કાર માટે ચાર વિભાગો પાડવામાં આવ્યા છે.

ધોરણ ૧ થી ૪ કુલ ૧૧ લાભાર્થી દરેકને રૂા. ૧૦૦૦ પુરસ્કાર.
ધોરણ ૫ થી ૮ કુલ ૮ લાભાર્થી દરેકને રૂા. ૧૫૦૦ પુરસ્કાર.
ધોરણ ૯ થી ૧૨ કુલ ૮ લાભાર્થી દરેકને રૂા. ૨૦૦૦ પુરસ્કાર.
કોલેજ-ડીગ્રી-ડિપ્લોમા કુલ ૮ લાભાર્થીને રૂા. ૨૫૦૦ પુરસ્કાર.

કુલ રકમ રૂા. ૫૯૦૦૦

આ યોગજ્યોત ગૌરવના આર્થિક સહકાર ધરનાર છે અમેરિકા નિવાસી શ્રી ભગવાનજી ભક્ત પરિવાર. તેઓશ્રીના આર્થિક સહકારથી દર વર્ષે આ કાર્યક્રમ યોજાય છે.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ વતી આ આર્થિક સહાય ધરવા બદલ શ્રી રાજુભાઇ જાનીએ શ્રી ભગવાનજીભાઇ ભક્ત પરિવારનો આભાર માન્યો હતો, તેમજ પારિતોષિક પ્રાપ્ત કરનાર યુવક–યુવતીઓને જીવનમાં સફળતા ઇચ્છી હતી.



# તુલાધાર વૈશ્ય

મકરંદ દવે

કાશીનગરીમાં એક વેપારી રહેતો હતો. મુખ્ય બજારની પાસેની ગલીમાં તેની દુકાન હતી. જીવનજરૂરિયાતની ઝીણી–મોટી વસ્તુઓ તે રાખતો. એની દુકાનની આસપાસ કાશીના મહાન શ્રેષ્ઠીઓની પેઢીઓ હતી. રેશમી વસ્ત્રના વેપારીઓની ભભકાદાર દુકાનો હતી. મેવામીઠાઇ તથા સાજ–શણગારના વૈપારીઓ પણ ગ્રાહકોને આકર્ષવા ચમકદમક કરી બેસતા. એ બધામાં આ સાદી દુકાન તરી આવતી, સુઘડ, સ્વચ્છ અને વ્યવસ્થિત. બીજી કોઇ દુકાન પાસે નહોતી જામતી એટલી ઘરાકી આ દુકાન પાસે જામતી. નગરને દૂર દૂરને છેડે રહેતા માણસો પણ આ દુકાને માલ ખરીદવા આવતા. એમાં રંક ને શ્રીમંતનો ભેદ નહોતો. દુકાનદાર પણ સહુને સરખો આવકાર આપી જોઇતો સામાન જોખી આપતો.

કાશીમાં અનેક યાત્રીઓ આવતા. ઘણા વરસોવરસ યાત્રા કરનાર. તેમને એ જોઇ આશ્ચર્ય થતું કે આ બજારમાં કેટલાયે શ્રેષ્ઠીઓની પેઢી ઊપડી ગઇ હતી. રેશમી સેલાંના કેટલાયે વેપારીઓ રેંકડી ફેરવતા થઇ ગયા હતા. પણ આ એક વેપારીની દુકાન ધમધોકાર ચાલીતી. આસપાસની દુકાનોમાં વેપારી અને ગ્રાહક વચ્ચે બોલાચાલી થતી, માલિક અને નોકર વચ્ચે મારામારી થઇ જતી, પણ આ દુકાનમાં કોઇએ ઊંચો શબ્દ કદી નહોતો સાંભળ્યો. વેપારી પ્રત્યે એટલું જ માન હતું, વિશ્વાસ હતો, પ્રસન્નતા હતી.

આ દુકાનમાં કોઇ દિવસ માલની ભેળસેળ કોઇએ ભાળી નહોતી. ભાવનો ખોટો વધારો–ઘટાડો અનુભવ્યો નહોતો. બીજે જેનાં દોઢાં બમણાં દામ ચૂકવવાં પડે તે અહીં હંમેશા વાજબી ભાવે મળતું. દુકાનમાં તરત ધ્યાન ખેંચે એવું વેપારીનું ત્રાજવું હતું. કોઇ ભક્ત ભગવાનની મૂર્તિને પૂજે એવા ભક્તિભાવથી વેપારી આ ત્રાજવાને પૂજતો. આ ત્રાજવાની દાંડી વેપારીને માટે તો જાણે જીવનની ધરી હતી. જાણીજોઇને તો એ હાથની કરામત વાપરી દાંડીને કોઇ દિવસ નમાવે નહીં પણ અજાણતાંયે ઓછું જોખાઇ જાય તો એને મહા અપરાધ કર્યા જેવું લાગતું. યોગીની સુરતા જેમ પરબ્રહ્મની જ્યોતિમાં એકાગ્ર થાય તેમ વેપારીની દૃષ્ટિ આ ત્રાજવાની દાંડી પર સ્થિર થતી. એટલે તો લોકોએ એ વેપારીનું નામ પાડ્યું હતું–તુલાધાર.

કોઇ યાત્રી લાંબે વખતે કાશીમાં આવતો અને તુલાધારની એવી ને એવી રિદ્ધિસિદ્ધિ જોઇ આશ્ચર્યથી પૂછતો :

‘શેઠજી, લક્ષ્મી તો ચંચળ ગણાય છે. ત્યારે આપની સ્થિર સમૃદ્ધિનું કારણ શું?’

‘લક્ષ્મી તો ભગવતી શ્રી દેવીનું સ્વરૂપ છે. એ ચંચળ નથી, ભાઇ! ચંચળ તો માનવીનું મન છે. માનવીના જોખનો કાંટો ચંચળ છે, એટલે લક્ષ્મીદેવીનો ત્યાં સ્થિર નિવાસ નથી થતો,’ તુલાધાર જવાબ દેતો.

કોઇ મોક્ષાર્થી આવી તુલાધારને કહેતો :

‘શેઠ, તમે તો સાચા મુમુક્ષુ જીવ છો. આ માયાનાં બંધનમાં કેમ પડ્યા છો?’

તુલાધાર જવાબ દતો :



‘માયાના બંધનમાં હું નથી પડ્યો ભાઇ, માતાની ગોદમાં છું. નથી જાણતા? શ્રીમાતાની મોહિની શક્તિથી તો આખું વિશ્વ મોહિત છે. ભાગીને ક્યાં જશો? ત્યાગીને શું કરશો? વનમાં જશો તો અંદરની વાસના કાંઇ કેડો નહિ મૂકે. લંગોટીનો લીરો પણ તમારા ત્યાગમાં બંધનનું દોરડું બની જશે. માટે જ્યાં છો ત્યાં ભગવતી વિષ્ણુમાયાને ચરણે વંદના કરો અને સચ્ચાઇથી ચાલો! એ પ્રસન્ન થશે તો ભવનાં બધાંયે બંધનો કાપી નાંખશે.’

તુલાધાર પર શ્રીદેવીની કૃપા વરસે છે એમ સહુ કોઇને જણાઇ આવતું. પણ એની આંતરિક સમૃદ્ધિ કેટલી વધી ગઇ છે એનો કોઇને ખ્યાલ નહોતો. તુલાધાર પણ વગર પૂછ્યે કોઇને જવાબ ન દેતો અને જરૂર પૂરતું જ બોલતો. પણ એક દિવસ કાશીનગરીમાં હલચલ મચી ગઇ. પોતાના વેપારમાં, શુદ્ધ અને પ્રામાણિકપણે વર્તવાથી તુલાધારને કેવી સિદ્ધિ સાંપડી છે તે અછતું ન રહ્યું.

એક દિવસ લોકોએ જોયું તો એક ભારે તેજસ્વી મુનિ તુલાધારની દુકાને આવ્યા. મુનિએ ઘોર તપસ્યા કરી હોય એમ લાગતું હતું. મુનિને માથે સૂંડલા જેવડી જટા હતી. લાંબા નખ હતા. વરસાદ–ટાઢ–તડકો સહન કરી કરી મુનિનું શરીર પર્વત–શિલા જેવું બની ગયું હતું. મુનિની આંખોમાં આરપાર વીંધી નાખતું તેજ હતું. મુનિ તુલાધારની દુકાને આવ્યા એટલે તે ઊઠીને સામે ગયો. મુનિનું સ્વાગત કરતાં કહ્યું :

‘પધારો જાજલિમુનિ, આપે આ દીન પર બહુ અનુગ્રહ કર્યો.’

મુનિ તો આભા બની જોઇ રહ્યા. વરસોની કઠોર તપસ્યા

પછી એ કાશીમાં પહેલી જ વાર આવતા હતા. તેમના આગમનની કોઈને જાણ નહોતી. આ વેપારી તેમને નામ દઈને કેવી રીતે બોલાવતો હતો? મુનિને બહુ આદરથી ગાદીતકિયે બેસાડતાં તુલાધારે સ્વાભાવિકપણે કહ્યું :

'આપ આ દાસની દુકાને પધારવા નીકળ્યા હતા એની મને અગાઉથી ખબર પડી ગઈ હતી. આપે સમુદ્રતટે આવેલા વનમાં બહુ ઉગ્ર તપસ્યા કરી હતી. આપની જટામાં પક્ષીઓએ માળો બાંધ્યો, છતાં આપ સ્થિર ઊભા રહ્યા. પછી એ પક્ષીનાં બચ્ચાં થયાં. આપે એ બચ્ચાંની કરુણાભાવે રક્ષા કરી. પક્ષી નિર્ભયપણે આપના મસ્તક પર ઊડી આવતાં. આપ અટલ રીતે એક જ સ્થળે ઊભા રહેતા. બચ્ચા મોટાં થયાં, તેમને પાંખો આવી અને તે ઊડી ગયાં ત્યાં સુધી આપે નિશ્ચલ રહી તપસ્યા કરી. આપને એથી મનમાં ગર્વ થયો કે આપના જેવો ધર્માત્મા જગતમાં ક્યાંયે નહિ હોય. ત્યારે ભગવતી માતાએ આપના કાનમાં આ તેનાં પંગુ બાળકનું નામ કહ્યું. તે સાંભળીને આપ આ દુકાને આવી ચડ્યા છો. આજ તો મા ભગવતીની ભારે કૃપા થઈ. મને સંતદર્શનનો અમૂલ્ય લાભ મળ્યો.'

મહામુનિ જાજલિ તો આ સામાન્ય લાગતા વેપારી સામે દિગ્મૂઢ બની જોઈ રહ્યા. તેમનો ગર્વ ગળી ગયો. આ વેપારીએ કોઈ અપૂર્વ સાધના કરી છે એની તેમને ખાતરી થઈ ગઈ. અઘોર વનમાં, શરીરને અડોલ બનાવી જે પ્રાપ્ત કરવા તે મથ્યા હતા તે આ વેપારીને સંસારની ધમાલ વચ્ચે જ મળી ગયું હોય એમ લાગ્યું. મુનિએ એનું રહસ્ય જાણવા માટે પૂછ્યું :

'શેઠશ્રી, આપને સર્વાત્મભાવ સિદ્ધ થયેલ છે. બજાર વચ્ચે બેસીને પણ આપને આ સિદ્ધિ કેવી રીતે પ્રાપ્ત થઈ?'



તુલાધારે હાથ જોડી કહ્યું :

'મુનિવર! સિદ્ધિની તો મને કાંઇ સમજ પડતી નથી. પણ મારો બાપદાદાનો વેપાર પ્રામાણિકપણે કરું છું. કોઈને છેતરતો નથી. ગ્રાહકમાં ભેદભાવ રાખતો નથી. જે કાંઇ ધન આવે છે તેને શ્રીલક્ષ્મીમાતાનો પ્રસાદ ગણું છું. મારા ત્રાજવામાં બન્ને પલ્લાં પર ભગવતીના જ બે ચરણ પડ્યાં હોય એવા ભાવથી નિહાળું છું. મારા ત્રાજવાનો કાંટો, ઉપર પરમેશ્વર બેઠા હોય એમ સદાય મને ચીંધતો રહે અને શ્રીમાનાં ચરણ સ્થિર ભાવે મારા અંતરમાં બિરાજે એમ હું પ્રાર્થતો રહું છું.'

મુનિ જાજલિ પોતાના આસન પરથી ઊઠીને તુલાધારનાં ચરણોમાં પડી ગયા. તુલાધારે તેમને અત્યંત સન્માનથી ઊભા કર્યા. મુનિના નમસ્કારથી તેના ક્ષોભનો પાર ન રહ્યો. લોકોનું મોટું ટોળું તુલાધારની દુકાન પાસે જમા થઇ આ વિચિત્ર વ્યાપાર જોઇ રહ્યું. મુનિએ સર્વજનોને તુલાધારનો મહિમા કહી સંભળાવ્યો ત્યારે ધરતી મારગ આપે તો સમાઇ જવાનું તુલાધારને મન થયું. એ તો સહુને વંદન કરી એટલું જ કહેતો રહ્યો :

'ભગવતીની દયા, દયા, દયા. બીજું કાંઇ નથી ભાઇ, મારી પાસે બીજું કાંઇ નથી. શ્રીદેવીને પ્રસન્ન કરો. ભાઇ! જીવનમાં ત્રાજવાં સમતોલ રાખો! કાંટો સ્થિર રાખો! એની કૃપા વરસશે તો ન્યાલ થઇ જશો. તુલાધાર પાસે કોઇ વિદ્યા, કોઇ સિદ્ધિ નથી. મારે છાબડે મા લક્ષ્મી બિરાજ્યાં છે, કાં કે કોઇ પૂંજીને હું વળગ્યો નથી. શ્રીમાની પ્રસન્નતા સામે જ જોયું છે. જય શ્રી મહામાયા! જય શ્રી મહાલક્ષ્મી!'

# પૂ. માની ઈટાલી યાત્રા

મા સર્વેશ્વરી

**તા. ૬–૭–૨૦૧૧**

હે પ્રભુ! આપની કૃપાથી સુરક્ષિત સૌ જાગ્યા. પ્રાર્થના કરી. હળવો નાસ્તો કર્યો અને હોડીમાં બેસીને આ ટાપુ ઉપર જે કંઇ વિશેષતા હોય તે જોવાનો આજનો કાર્યક્રમ છે.

નવ વાગ્યે સમય આપ્યો હતો. બરાબર નવ વાગે મોટી હોડી ને ગાઇડ બેન આવી ગયાં.

વેલકમ, નમસ્તે બોલીને તે બેન હાથ જોડે છે.

આ આખો વિસ્તાર વેનીસ નામે ઓળખાય છે. ૧૧૮ ટાપુનો આ વેનીસ વિસ્તાર છે.

૨ ટાપુ ખ્રિસ્તી સંતના નામે પણ જાણીતા છે. સેન્ટ માઇકલ આઈલેન્ડ અને બીજો સેન્ટ ક્રિસ્ટોફોલ આઈલેન્ડ છે.

એનો પરિચય આપતાં આપણાં ગાઇડબેન કોઈપણ જાતના પરિચય વગર માના સફેદ વસ્ત્રો જોતાં બોલી ઉઠી ''આ પણ મધર ટેરેસા જેવાં જ લાગે છે, હું કેથલિક ધર્મ પાળું છું.''

આ અજાણ્યા વિદેશી ગાઇડ બેનને ક્ષણિક જાણે કોઈક જગાડી ગયું છે.

હોડીમાં બેઠાં પછી પ્રથમ કાર્ય નવમંત્ર, વરદ હસ્ત ને સમૂહમાં પ્રાર્થનાનો નિયમ પાળ્યો.

પ્રાર્થના સમયે આ ગાઇડ બેન પણ હાથ જોડી શાંતિથી બેઠાં હતાં એ બેનનું નામ **મીલા** છે.

૧૧૮ ટાપુમાં મુખ્ય ત્રણ છે. મુરાનો, બૂરાનો, ટોરચેલો.



અમારી હોડી જળવિહાર કરતી કરતી મુરાનો આઈલેન્ડ ઉપર પહોંચી, અહીં કાચની ફેક્ટરી જોવાનો કાર્યક્રમ છે.

એક હજાર વરસથી અહીં આ ઉદ્યોગ ચાલે છે. ૮૦ ફેક્ટરી છે. મૂરાનાનો કાચ વિશ્વમાં વખણાય છે. અહીંથી વિશ્વના અનેક દેશોમાં કાચની નિકાસ થાય છે.

જમીનમાંથી નીકળતાં ખનીજ તત્ત્વોમાંથી કાચ બને છે.

ભઠ્ઠીમાં ગરમ કરી તરત જ તેને આકાર આપે ને પછી ધીમે ધીમે ઠંડો પાડે જેથી કાચમાં તડ ના પડે.

બે કારીગરો તે કાર્ય ઝડપથી ક્રમબદ્ધ રીતે કરી રહ્યા હતા. એકદમ એકાગ્ર બનીને ઝડપથી કામ કરતા હતા. ઠંડુ પડે તો આકાર ન આવે. કુશળતા ને એકાગ્રતાના પાઠ શીખવાડતા એ બે કારીગરો ક્ષણ પણ બગાડતા ન હતા.

એક જ આકાર બનાવવા ત્રણથી ચારવાર ઉઠી ઉઠીને ભારે પરિશ્રમ કરતા જોવા મળ્યા.

કોઈપણ કારીગરને ઓછામાં ઓછા દસ વર્ષ લાગે. દસ વર્ષના અનુભવે તે કાચના કામમાં પ્રાથમિક એકડો ઘૂંટતો થાય.

કાચના વિવિધ આકારના શો પીસનો એક ઘણો મોટો શો રૂમ હતો. હજારો યુરોની કિંમતના મોંઘા લાઈટાનાં ઝુમ્મરો, ફૂલો, ફ્રેમ, પક્ષીઓ, વાસણો, ડબ્બીઓ ઘણું ઘણું હતું.

આપણી મંડળી એ બધું ખૂબ રસથી જોતી હતી. પ્રવાસીઓ માટે એ બધું નવું ને જોવા જેવું હતું.

કાચનો મહેલ હોય એવું લાગતું હતું. માને એમાં ખાસ રસ ના પડ્યો.

માને સતત પૂ. શ્રીની જ એક પંક્તિ યાદ આવ્યા કરતી હતી.

***કાયા છે કાચો કૂપ રે***
***એ તો વણસી જશે,***
***શાને મોહાય ઓ માનવી!***
***એ તો બળી જશે.***
***પ્રભુની સાથે કરી લે પ્રીતડી.***

આ ક્ષણભંગુર કાયા કાચના કાચા ઘડા જેવી જ છે. ક્યારે તે ફૂટે તે કોણ જાણે છે? જ્યાં સુધી આ કાચના મહેલમાં છીએ, ત્યાં સુધીમાં શ્રી હરિ જોડે પ્રીત કરી લેવાની વાત છે.

માને સતત તે યાદ આવતી હોવાથી આ શો રૂમમાં રસ ના પડ્યો.

કાચના વિવિધ સર્જનમાં સતત પરિશ્રમ છે. સાધના ક્ષેત્રે એવો જ પરિશ્રમ કરવાનો છે, એવું યાદ કરાવવા જ પ્રભુ અહીં લાવ્યા છે.

કેથલીક સંપ્રદાયના સંત ફ્રાન્સીસકોની વાત પણ આપણા મીલાબેન બતાવતાં હતાં.

તે સંતપુરુષ ધનાઢ્ય પરિવારનું સંતાન હતા, છતાં બધું છોડી દીધું. ખ્રિસ્તી ધર્મના પ્રચાર પછી એકવાર અહીં આવ્યા તો દરિયામાં ભારે તોફાન હતું. એમના પગલે તે શાંત થઇ ગયું. એમણે આ જમીનમાં એક લાકડી રોપી. તો તે લાકડી છોડ બની, પાંદડા ફૂટ્યાં, સજીવ થઇ ગઇ ને ટાપુ હરિયાળો થઇ ગયો!

ખ્રિસ્તી સંતો પાછળ પણ આવી અલૌકિક વાતો જોડાયેલી હોય છે.

બીજો ટાપુ બૂરાનો. ત્યાં કાપડ ઉદ્યોગ. હસ્તકલાના ઘણા ઘણા સ્ટોર જોવા મળે છે.



કાપડ ઉપર ભરતકામ કરે છે. ૧૫–૨૦ દિવસે એક નાનકડી ડીઝાઈન હાથથી તૈયાર થઇ શકે છે.

હસ્ત ઉદ્યોગમાં પણ ભારે પરિશ્રમ એટલે નાનકડો ભરેલો હાથ રૂમાલ પણ ૪ યુરોનો એક મળે છે.

ખૂબ મોંઘુ લાગે, પણ એ સૌની મહેનત સામે એટલી કિંમત તો હોય જ, એ સ્વાભાવિક છે.

ખરીદીનું સૌએ લગભગ મૌન જ રાખ્યું છે.

ત્યાંથી વળી ત્રીજા ટાપુ ઉપર ગયાં. ત્યાં એક ખ્રિસ્તી સ્ત્રી સંતની કથા સંકળાયેલી છે.

અહીં પોપ પણ જૂન માસમાં ચેરિટી–જનહિતના કાર્યના ફંડ માટે આવ્યા હતા.

આ નૌકાવિહાર આવી અનેકવિધ માહિતીથી છલોછલ હતો.

ફરી નૌકા ખૂબ ઝડપથી વિશ્રામસ્થળે પાછી વળતી હતી. નૌકાની ઝડપથી જળપ્રવાહ પણ જાણે વિશેષ માર્ગ કરી આપતો હતો.

પાછળ જળપ્રવાહ પણ બે ભાગમાં વહેંચાઈને મધ્યમાં નૌકાને આગળ વધવા અનુકૂળ થતો હતો.

જાણે સદ્‌ગુરુ ઝડપથી પોતાના ધામ સાધકને લઇ જતા હોય ત્યારે આસૂરી સર્વ તત્ત્વો બે ભાગમાં વહેંચાઈને દૂર દૂર રહીને સદ્‌ગુરુને પૂર્ણ રીતે અનુકૂળ થઇ મધ્યમાંથી માર્ગ ધરી રહ્યા છે.

આજનો નૌકાવિહાર જગતની દષ્ટિએ જોવાલાયક જે જોવાનું છે તે જોઇ જોઇને અચરજ પામતી આપણી મંડળીએ જોઇ લીધાનો સંતોષ માન્યો છે.

નૌકાવિહારમાં મંત્રજપ થતા રહ્યા.

કાચની ફેક્ટરીના જે ગાઇડ હતા તેમણે ૨૦–૨૦ વર્ષ પહેલાં ભારતનો પ્રવાસ કર્યો હતો.

બનારસ, સારનાથ, દિલ્હી, મુંબઈની વાત કરી, દેશ ખૂબ સારો છે, માણસો ખૂબ સારા છે, એવું પણ કહેતા હતા. ભારત વિદેશીઓને પણ પ્રિય છે તે જાણી આનંદ થયો.

નૌકાવિહાર સૂર્યનરાયણની પરમકૃપાથી સરસ રહ્યો. જાણે શ્રી રામને ગંગાપાર કરી રહેલા નાવિકનો પ્રસંગ જ મન અંતરે રમતો રહ્યો.

અહીં સ્વિત્ઝર્લેન્ડ જેવી ઠંડી નથી. પવન હતો. એકંદરે નૌકાવિહાર શાંતિથી પૂર્ણ થયો.

વિશ્રામ સ્થળે આવી ફળાહારને ન્યાય આપ્યો. મંત્રજપમાં ચાર કલાક વીત્યા. તે પછી આ નોંધ લેખન થયું છે.

રાત્રે ૧૦ ને ૩૪ થયા છે. આખો દિવસ વેનીસના મંત્રજપે મઢીને પૂર્ણ થયો છે.

દિવસે વિશ્રામની જરૂર હોવા છતાં નથી થયો. મંત્રજપમાં સમય વીતી ગયો.

યાત્રા ના ધારેલી હોય એવી સરસ રીતે ચાલી રહી છે. શ્રી હરિની જ યોજના હતી.

માને યાત્રા કરાવે છે કે શ્રી હરિ સ્વયં યાત્રા કરે છે જે હોય તે. હે વિશ્વયાત્રી! પ્રણામ, પ્રણામ, પ્રણામ.

**(ક્રમશઃ)**



# સંસ્કારસ્રોત–જનેતા

**શશીકાન્ત પ્ર. દવે**

સૌની પહેલી શિક્ષક મા ગણાય છે. છ ભાંડરડાંની અમારી બા કાંતાબા અમારાં સંસ્કાર સ્રોત હતાં. પિતાની થાણદાર તરીકે નોકરી દરમિયાન બગડાણામાં સંત શ્રી બજરંગદાસ બાપાનું સાનિધ્ય પ્રાપ્ત થયેલું. નિવૃત્તિ કાળમાં અમારા પિતા લાંબો સમય પથારીવશ રહેલા, ત્યારે તેમનો ઉગ્ર સ્વભાવ સહજતાથી સ્વીકારી સેવા કરેલી. પિતાજીનું ટૂંકુ પેન્શન અને મોટાભાઈના એ સમયનાં ટૂંકા પગારની આવકમાં વ્યવહાર ચલાવેલો.

સવારે ચાર વાગતા પહેલાં ઊઠી દેવપૂજા કરી જપ–ધ્યાનમાં બેસતા. નિત્ય ક્રમમાં હવેલીમાં મંગળાના દર્શન કરી સ્વામી નારાયણ મંદિર, પ્રાચીન મહાલક્ષ્મી અને ખીમનાથ મંદિરે દર્શન કરી ઘરે આવી વહુ–દીકરીઓ સાથે ઘરકામમાં જોડાઈ જાય. અસત્ય કોઈ દિવસ બોલતાં નહીં. ક્લેશ તરફ અણગમો. ઘરમાં કોઈ વખત આવું વાતાવરણ હોય ત્યારે એમના ચહેરા પર ખિન્નતા દેખાય. દીકરી–વહુઓ પ્રત્યે સમભાવ. ઊંચા અવાજે કોઈને કંઈ કહે નહીં. એમના ચહેરા પરની નારાજગી એ જ એમનો ઠપકો.

બપોરે ધાર્મિક ગ્રંથોનાં વાંચનમાં કરૂણ પ્રસંગો સમયે આંખમાંથી આંસુ વહેતાં હોય. આદિત્યપાઠ અને નારાયણ કવચનો પાઠ રોજ કરતાં. ધ્રૂવાખ્યાન કંઠસ્થ હતું. રવિવારે ગાતાં ત્યારે અમે રસપૂર્વક સાંભળતા. સારી યાદશક્તિને લીધે ઘણાં કીર્તનો મોઢે હતાં. બગડાણામાં બગડેશ્વર મંદિરમાં, મહુવા નૃસિંહજી મંદિર, ઉમરાળામાં માઈ મંદિર, વિજપડીમાં રામજી

મંદિરમાં બેનોનાં સત્સંગ મંડળોમાં સક્રિય રહેલાં. શ્રદ્ધાળુ ખૂબ પણ અંધશ્રદ્ધા બિલકુલ નહીં. રસ્તા પરથી ચાર, આઠ આના કે રૂપિયો અમને મળ્યા હોય તો અંગત નહીં વાપરવાની ટેવ મળેલી. આવી જડેલી રકમ કોઇ દાનપેટીમાં પધરાવવાની.

દુર્ભાગ્યવશ એક બેને યુવાન વયે સૌભાગ્ય ગુમાવ્યું. એનું જીવન પરાવલંબી ન રહે તે માટે શિક્ષીકાની નોકરી માટે પ્રોત્સાહન આપેલું. સાધુ–સંતો પ્રત્યેનાં ભાવને લીધે તેઓને ભોજન–માધુકરી માટે ઘરે બોલાવતાં રહેતાં. પૂ. બજરંગદાસ બાપા, પૂ. મુની મહારાજ, દ્વારકાના પૂ. શંકરાચાર્યજી મહારાજની પધરામણી અમારે ઘરે થયેલી. મહુવા કપોળ બોર્ડીંગના સભાખંડમાં પૂ. યોગેશ્વરજીનો સત્સંગ ચાલતો. કાંતાબાએ પૂજ્યશ્રીની ગુરુદીક્ષા ગ્રહણ કરેલી.

મારી નોકરી દરમિયાન માંદગીનાં ખર્ચમાં ડૂબેલા એક મિસ્ત્રી સોનાનો ચેન મને વેચવા આવેલા. ઓછી કિંમતમાં ચેન મળતો હતો. બાને પૂછતાં કહેલું કે તારી પાસે સગવડ હોય તો બને તેટલી મદદ કર પણ લાચારીથી પોતાની કોઇ વસ્તુ વેચતો હોય એ ન લેવાય.

બીજા પ્રસંગે મહુવામાં મકાન ખરીદવાની તજવીજમાં હું હતો. ત્યારે પણ સલાહ આપેલી કે આર્થિક ભીંસમાં આવીને કોઇ એનો આશરો વેચતું હોય એવું મકાન ખરીદવું નહીં. તેમની માન્યતા હતી કે રાજીખુશીથી પોતાની કોઇ વસ્તુ કે મિલ્કત વેચતું હોય તો જ ખરીદનાર સુખેથી ભોગવી શકે.

અમારી બાના આ સંસ્કાર સ્રોતને પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બન્યા તેનો અમને સંતોષ છે અને એ જ અમારી મૂડી છે. એમ નમ્ર પણે માનીએ છીએ.



# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) **–શ્રી યોગેશ્વરજી**

એ બધી તૈયારી છતાં પણ રુક્મિણી ઉદાસ બની ગઇ.

એ પોતાના મનથી માની લીધેલા પ્રિયતમ કૃષ્ણના શુભાગમનની પ્રતીક્ષા કરતી'તી.

એનું મન વધારે ચિંતાતુર તો એટલા માટે બની ગયું કે પોતાના સંદેશાવાહક બ્રાહ્મણનું પુનરાગમન પણ હજુ નહોતું થયું.

એ અત્યંત વ્યગ્ર બનીને વિચારવા લાગી કે મારા પ્રેમમાં કોઇક ત્રુટિ હશે એટલે શ્રીકૃષ્ણ મારો ઉદ્ધાર કરવા નહિ આવ્યા હોય.

એ જ વખતે બ્રાહ્મણે એના અંતઃપુરમાં પ્રવેશ કરીને કૃષ્ણના સઘળા સમાચાર કહી સંભળાવ્યા.

રુક્મિણીને નવજીવનની પ્રાપ્તિ થઇ.

એનું અંતર આનંદથી ઊભરાઇ રહ્યું.

'ઊભરાય જ ને?' સુપ્રિયા બોલી ઊઠી : 'એની જગ્યાએ આપણે હોઇએ તોપણ આપણી એવી જ દશા થઇ જાય. પરંતુ પછી?'

'પછીની કથા સહેલાઇથી સમજી શકાય તેવી છે.' વિશાખા બોલી : રાજા ભીષ્મકને કૃષ્ણ તથા બળરામના શુભાગમનની માહિતી મળી.

એમણે જાણ્યું કે કૃષ્ણ લગ્નોત્સવમાં ભાગ લેવા આવ્યા છે એટલે એમનો વિધિપૂર્વક સત્કાર કરવામાં આવ્યો.

રાજાએ એમના ઉતારાની પણ વ્યવસ્થા કરી.

સુનિશ્ચિત સમય પ્રમાણે રુક્મિણી સોળે શણગાર સજીને પાર્વતી મંદિરનાં દર્શન માટે નીકળી.

એ પગપાળા જ ચાલવા લાગી.

એની આજુબાજુ રાજકુટુંબની સ્ત્રીઓ ચાલવા લાગી.

શસ્ત્રધારી શૂરવીર સૈનિકો એની રક્ષા કરતા આગળ ધપ્યા.

વિવિધ પ્રકારનાં વાદ્યો વાગવા માંડ્યાં.

કૃષ્ણ તથા પાર્વતીનું ધ્યાન કરતી રુક્મિણી દેવીના મંદિરમાં આવી પહોંચી.

હાથપગનું પ્રક્ષાલન કરી, આચમન લઈને એ અંદર પ્રવેશી.

શિવપાર્વતીને પગે લાગીને એણે પોતાની મનોકામનાને પરિપૂર્ણ કરવાની પ્રાર્થના કરી.

'વિવિધ પ્રકારનાં દ્રવ્યોથી પાર્વતીની તથા પંડિતોની પૂજા કરીને એણે પ્રસાદ લીધો ને રત્નજડિત વીંટીથી ચમકતા હાથે સખીનો હાથ પકડીને એ મંદિરની બહાર નીકળી.'

વિશાખાએ કહ્યું :

'એ વખતે હું દ્વારકામાં હોવા છતાં આ બધી વાત મેં કૃષ્ણ ને બળરામ પાસેથી ને કેટલીક સ્વયં રુકિમણી પાસેથી સાંભળેલી છે. એથી જ ભારે રસપૂર્વક કહી શકું છું.'

રાધા ને સુપ્રિયા મનોમન કુંડિનપુરની ભવાનીમાતાના મંદિરમાં પહોંચી ગયેલાં.

એમની કલ્પનાની આંખ આગળ રુકિમણી જ રમી રહેલી.

એમણે કહ્યું :

'રુકિમણી એ વખતે ઘણી જ સુંદર લાગતી હશે, ખરું!'



## ધન્ય પળ

વિશાખાએ જણાવ્યું :

'હા. મેં તો એને એ વખતે નહોતી જોઈ પરંતુ કૃષ્ણે એનું થોડુંઘણું વર્ણન કરી બતાવેલું એના પરથી લાગે છે કે એના સ્વરૂપમાં સાક્ષાત સૌંદર્યદેવી જ પૃથ્વી પર પ્રકટ થયેલી.'

એના અસાધારણ સૌંદર્યથી ભલભલા ધીર, વીર અને મુનિવરો પણ મોહિત થઈ જાય તેમ હતું.

એના મુખમંડળ પર કુંડળોની ક્રાંતિ ફરી વળેલી.

હોઠ પર સુમધુર સ્મિત હતું.

ચરણનાં નૂપુરની નાની નાની ઘૂઘરીઓ રણકાર કરી રહેલી.

એને મંદ ગતિએ આગળ ચાલતી જોઈને પોતાની વીરતાને માટે વિખ્યાત રાજાઓ પણ મુગ્ધ બનીને ભાન ભૂલી ગયા.

'ગોરા ગાલ પર ઊડનારી કેશલટોને ઠીક કરીને એણે આજુબાજુ સંકોચ સાથે દૃષ્ટિપાત કરીને રથ પર ચઢવાની તૈયારી કરી એ જ વખતે કૃષ્ણ ત્યાં એકઠી થયેલી વિશાળ જનમેદનીમાંથી એકાએક આગળ આવ્યા ને સૌના દેખતાં એ રાજકુમારીને ઉપાડીને, પોતાના ગરુડ ચિહ્ન યુક્ત રથમાં બેસાડીને, બળરામ તથા બીજા યદુવંશીયો સાથે ચાલી નીકળ્યા.'

'આ તો અત્યંત આશ્ચર્યકારક કહેવાય.' સુપ્રિયા બોલી ઊઠી.

'કૃષ્ણનાં કાર્યો એવાં જ આશ્ચર્યકારક, ઐતિહાસિક અથવા ઓજસ્વી હોય છે.' રાધાએ ઉદ્‌ગાર કાઢ્યા : 'રુકિમણી ખરેખર ભાગ્યશાળી. એણે પૂર્વે અનેક પુણ્યો કરેલાં. એ વિના એવું બને

જ નહીં. પણ કૃષ્ણને સૌએ સહીસલામત જવા દીધો ખરો?'

'એ જ જોવાનું છે?' વિશાખાએ આગળ ચલાવ્યું; 'કૃષ્ણે પોતાની પ્રાર્થના સાંભળીને પોતાનો ઉદ્ધાર કર્યો છે એ જાણીને રુકિમણીના આનંદનો અંત ના રહ્યો. એનું અંગેઅંગ ઉત્સવ કરવા લાગ્યું. કૃષ્ણના સુધામય સ્પર્શે એને માટે સંજીવનીનું કામ કર્યું. પરંતુ એનું હરણ થયું અને એ પણ કૃષ્ણના હાથે એ જોઈને શિશુપાલ, જરાસંઘ અને બીજા રાજાઓ રોષે ભરાયા. રુકમીના ક્રોધનો પણ પાર ના રહ્યો.'

વાહનોમાં બેસીને, શસ્ત્રસજ્જ થઈને સઘળા કૃષ્ણની પાછળ દોડવા લાગ્યા.

એ જોઈને રુકિમણી ભયભીત બની ગઈ ને કૃષ્ણની સફળતા માટે પ્રાર્થના કરવા લાગી.

કૃષ્ણે રુકિમણીને હિંમત આપી.

જરાસંઘના હાથી, ઘોડા તથા રથ પર ચઢેલા સૈનિકો બાણની વૃષ્ટિ કરવા લાગ્યા.

કૃષ્ણ તથા બળરામની સેનાએ એનો વીરતાપૂર્ણ પ્રત્યુત્તર પૂરો પાડ્યો.

એવી રીતે ઘોર યુદ્ધ ફાટી નીકળ્યું.

એ યુદ્ધમાં યુદુવંશી વીરોએ એવું અદ્‌ભુત પરાક્રમ બતાવ્યું કે જરાસંઘ જેવા બીજા અનેક રાજાઓ યુદ્ધ છોડીને નાસી ગયા.

ભગ્નહૃદય શિશુપાલની સમસ્ત આશા પર પાણી ફરી વળ્યું.

જરાસંઘે એને યુક્તિપ્રયુક્તિપૂર્વક સમજાવ્યો એટલે બીજો કોઈ માર્ગ ના દેખાવાથી એ પોતાની રહીસહી સેના સાથે રાજધાનીમાં પાછો ફર્યો.



'અને રુક્મી? એના મનનું સમાધાન કેવી રીતે થયું?'

'રુક્મિણીનું લગ્ન શિશુપાલ સાથે કરાવવાની રુક્મીની ખાસ ઈચ્છા હોવાથી કૃષ્ણને માટે એના દિલમાં ભયંકર ક્રોધ પેદા થયો.

એણે પ્રજાજનોની આગળ પ્રતિજ્ઞા કરી કે યુદ્ધમાં કપટી કૃષ્ણનો નાશ કરીને રુક્મિણીને પાછી નહિ લાવું તો કુંડિનપુરમાં જીવનપર્યંત પ્રવેશ નહિ કરું.

પછી રથમાં બેસીને કૃષ્ણને દંડ દેવા એ સેના સાથે ચાલી નીકળ્યો.'

'એ જોતાં રુક્મી ઘણો હિંમતવાળો કહેવાય.' સુપ્રિયા બોલી.

'હા, હિંમતવાળો તો ખરો જ.' વિશાખા બોલી : 'એણે કૃષ્ણને લડવા માટે લલકાર કર્યો.

બંને ખૂબ જ વીરતાપૂર્વક લડવા લાગ્યા.

લડતાં લડતાં રુક્મી રથ પરથી નીચે ઊતરીને તલવાર સાથે કૃષ્ણને મારવા દોડ્યો.

કૃષ્ણે એની ઢાલ તથા તલવારના ટુકડા કરી નાખ્યા અને એનો નાશ કરવા માટે તલવાર તાણી.

એ દેખીને રુક્મિણીના દિલમાં દયા પેદા થઈ.

એણે કૃષ્ણનો હાથ પકડી લીધો ને કરુણાર્દ્ર સ્વરે કહ્યું :

દેવ! તમે પરમ શક્તિશાળી તથા કલ્યાણસ્વરૂપ છો. મારા ભાઈએ તમારો અપરાધ કર્યો છે તોપણ મારી પ્રાર્થના છે કે તમે નાશ ના કરશો. એના મૃત્યુથી મારું જીવન નીરસ બની જશે.

(ક્રમશઃ)